Gyan Amrit
ज्ञानामृत
Vol.16 - Issue 02
February 2023
Price 15/-
महा
शिवरात्रि

રાજકોટ અવધપુરી સેવાકેન્દ્રની ઈશ્વરીય સેવાઓ માટે બ્ર.કુ. રેખાબેનનું પુરુષાર્થ યુવક મંડળ દ્વારા સન્માન કરતાં નવનિયુક્ત MLA ભ્રાતા ઉદયભાઈ કાનગડ તથા MLA ભ્રાતા રમેશભાઈ તિલાડ.

સુરત મોટાવરાછામાં 'શ્રીમદ્ ભગવત ગીતાજ્ઞાન' પર્વ પર આયોજિત ત્રીદિવસીય શિબિરમાં સતકેવલ સંપ્રદાયના સુરેખાદીદીનું સ્વાગત કરતાં બ્ર.કુ. મીનાબેન.

રાજકોટ જિલ્લાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. અંજુબેન, શિક્ષણવિદ ગિજુભાઈ, ડાયેટ પ્રાચાર્ય ડૉ.સંજયભાઈ, સ્કૂલ ઑફ સાયન્સના ટ્રસ્ટી ભરતભાઈ.

સુરત બાલાજીરોડ સેવાકેન્દ્ર દ્વારા આયોજિત અધિકારીઓના કાર્યક્રમમાં મેયર હેમાલીબેનને સૌગાત આપતાં બ્ર.કુ.વીણાબેન, આસિ. કમિશનર ગાયત્રીબેનને સૌગાત આપતાં બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

બારડોલીમાં વૈદિક હિન્દુ પ્રચારક સમિતિના ભગિની કાજલ હિન્દુસ્તાની તથા સેવકને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરૂણાબેન.

સુરત માંગરોળ સેવાકેન્દ્ર દ્વારા 'કિસાન સન્માન' કાર્યક્રમમાં LPG ડિવીઝનલ હેડ ભ્રાતા રવિન્દ્રકુમાર, સાયન્ટીસ્ટ ડૉ. સત્યપ્રકાશજી તથા અન્ય મહાનુભાવો સાથે બ્ર.કુ. શારદાબેન.

ગોધરામાં કિસાન જાગૃતિ સંમેલન કાર્યક્રમમાં બ્ર.કુ. સુરેખાબેન, મકાઈ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ભ્રાતા કનુભાઈ, સરપંચ શ્રી હીરાભાઈ, ભ્રાતા અનિલભાઈ ખાંટ તથા બ્ર.કુ. શૈલેષભાઈ.

ગોંડલ સેવાકેન્દ્રમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસે' આયોજિત 'કિસાન સન્માન સમારોહ'માં સન્માનીત કિસાનો સાથે બ્ર.કુ. ભાવનાબેન તથા બ્ર.કુ. શીતલબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ ફેબ્રુઆરી - ૨૦૨૩ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- સાધનાપથના યાત્રિકો માટે ....તંત્રી સ્થાનેથી ..04
- મનસા સેવા ....બ્ર.કુ. સૂર્યભાઈ ..08
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..07
- બચાનેવાલા હજાર હાથવાલા ....બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ..11
- ફિર કરોગે કબ? ....બ્ર.કુ. નરેન્દ્રભાઈ ..13
- વિશ્વ પરિવર્તનની આધારશિલા 16
- 108 મણકાની માળા ....બ્ર.કુ. નીલાબેન ..21
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..24
- પ્રસંગ પરિમલ 26
- ફિકર છોડો જિંદગીભર યુવાન રહો 28
- દાદી પુષ્પશાંતાજી ....બ્ર.કુ. હેમંતભાઈ ..30
- સંગમયુગની શબ્દાવલી 34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

-:- વિશેષ નોંધ -:-

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમને નવા વર્ષનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

આવશ્યક નોંધ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

સાધનાપથના યાત્રિકો માટે સ્વ ઉન્નતિનો પુરુષાર્થ

કોઈપણ ધર્મ, મઠ, પંથ, સંપ્રદાય કે અન્ય કોઈ વિચારધારામાં માનતો સાધક સ્વઉન્નતિ માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈને આધ્યાત્મિક પુરુષાર્થ કરે છે, તો તેનું અદ્ભુત ફળ તેને મળે છે. જીવનમાં ઉચ્ચતમ લક્ષ્ય નિશ્ચિંત કરીને તેને સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરવામાં આવે તો લક્ષ્ય પ્રમાણેનાં લક્ષણો જીવનમાં દૃષ્ટિગોચર થાય છે. આપણે સૌ સ્વઉન્નતિ માટે નીચેની પ્રતિજ્ઞા વાંચી તેને સાકાર કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈએ.

પ્રતિજ્ઞાપત્ર

1. હું નિમિત્તભાવ અને ક્ષમાભાવ ધારણ કરીશ.
2. આત્મભાવ અને સર્વ પ્રત્યે શુભભાવના, શુભ કામના રાખીશ.
3. દરેક પરિસ્થિતિમાં એક પળમાં પરિવર્તન કરી પૂર્ણવિરામ મૂકીશ.
4. મન, વાણી, કર્મ, સંબંધ, સ્વપ્ન સૌમાં પવિત્રતા રાખીશ.

આ પ્રતિજ્ઞાપત્રમાં આધ્યાત્મિક પુરુષાર્થની જે વાતો મૂકવામાં આવી છે તે સર્વાંગ સંપૂર્ણ છે. આત્મા જ્યારે આટલી સિદ્ધિઓથી સંપન્ન બને છે ત્યારે દિવ્યતા, મહાનતા અને દેવત્વ તેનાથી દૂર રહેતું નથી.

આપણે પ્રતિજ્ઞાઓ તો અવારનવાર કરીએ છીએ. પણ સમય જતાં તેની વિસ્મૃતિ થાય છે. પ્રતિજ્ઞાનો ગુહ્ય અર્થ છે, એક વખત પ્રતિજ્ઞા લીધા પછી તેનાથી ચલિત ના થવું. વારંવાર તે પ્રતિજ્ઞાની યાદ રહે તે માટે એક ડાયરીમાં યા બોર્ડ સ્વરૂપે તે લખીને વારંવાર તેનું ધ્યાન રહે, તે જરૂરી છે. પ્રતિજ્ઞા લેતી વખતે જે ઉમંગ, ઉત્સાહ, ધગશ હોય તે ધ્યેય પ્રાપ્તિ સુધી અચૂક જળવાઈ રહેવાં જોઈએ. આ પ્રતિજ્ઞામાં આવેલા મહત્વપૂર્ણ શબ્દોનું ચિંતન કરીએ.

નિમિત્તભાવ

હું અને મારાપણું એમાંથી મુક્ત થવું અઘરું છે. બ્રહ્માબાબાને દિવ્ય સાક્ષાત્કારો થયા. તીવ્ર વૈરાગ્યના ફલ સ્વરૂપે પોતાની સ્થાવર જંગમ સઘળી સંપત્તિ ઈશ્વરીય કાર્યમાં સ્વાહા કરી સ્વયં ટ્રસ્ટી બની ગયા. ત્યારથી કર્તાપણાનો ભાવ ચાલ્યો ગયો. નિમિત્તભાવ જાગૃત થયો. સર્વ કાર્ય પરમાત્માનું છે. પરમાત્માએ મને ઈશ્વરીય સેવાના કોઈપણ કાર્ય માટે નિમિત્ત બનાવ્યો છે એટલે મારી સંપૂર્ણ વફાદારી પરમાત્મા અને તેમના કાર્ય માટે રહે. વરિષ્ઠ દાદીઓને પત્રકારો પ્રશ્ન પૂછે છે ત્યારે દાદીઓ (વરિષ્ઠ પ્રશાસિકા બહેનો) હળવાશથી કહે છે 'હું તો નિમિત્તમાત્ર છું. કરન કરાવનહાર શિવબાબા બધું કરાવી રહ્યા છે.' આ ચિંતનથી હળવાશની સાથે સાથે અહંભાવનો ત્યાગ પણ થાય છે. નિમિત્તભાવ એ અહંને ઓગાળવાની પ્રક્રિયા છે. માલિકીભાવ ઓસરી જાય ત્યારે જ નિમિત્તભાવ પ્રગટે. નિમિત્તભાવ એટલે સંસ્થાની પાઈપાઈનો, સમય, શક્તિ, સાધનોનો સમુચિત ઉપયોગ. શ્રીમત (શ્રેષ્ઠ ઈશ્વરીય મત)ના પ્રાણમાં નિમિત્તભાવનો રણકાર ધબકે.

જ્યાં નિમિત્તભાવ છે ત્યાં અહંભાવ નથી તેથી સદા ઉન્નતિ થતી રહે છે. નિમિત્તપણાની ભાવના શ્રેષ્ઠ ફળ આપે છે. સેવા સાથીઓમાં નિમિત્તભાવ, ટ્રસ્ટીપણાનો ભાવ હશે, તો સેવાસ્થાનની સુવાસ સર્વત્ર પ્રસરશે.

નિમિત્તપણાના ભાવથી વિશ્વકલ્યાણની ભાવના ઉન્નત થાય છે.

ક્ષમાભાવ

'क्षमा वीरस्य भूषणम्' ક્ષમા એ વીરનું ભૂષણ છે. આપણા લૌકિક અને અલૌકિક જીવનમાં આપણે કોઈના અપમાન, અવગણના, ટીકા, ઘૃણાભાવ, ઈર્ષ્યા ભાવ, સ્થૂલ-સૂક્ષ્મ હિંસાના શિકાર બન્યા હોઈએ છીએ. કોઈ આપણા પથમાં બાધક બનીને આપણી વિકાસયાત્રાને રોકે છે. અસત્ય આરોપણ દ્વારા સત્યને ગૂંગળાવવાનો પ્રયાસ કરે છે. ત્યારે લોકો દુ:ખી થાય છે. વેરઝેરની, બદલાની ભાવનામાં વૃદ્ધિ થાય છે. પણ રાજયોગી તો આનાથી પર છે. કર્મોની ગહનગતિના જ્ઞાનને લીધે ઈશ્વરીય જ્ઞાનના શ્રવણને લીધે, રાજયોગના નિયમિત અભ્યાસ અને રાજયોગી જીવનના નિયમો અને મર્યાદાઓના પાલનને કારણે તેના હૃદયમાં એવી વિશાળતા જન્મે છે કે તે આવાં કર્મો કરનારને માફ કરી દે છે. તેના પ્રત્યે ક્ષમાભાવ રાખે છે.

બ્રહ્માબાબા ક્ષમાભાવનું અણમોલ ઉદાહરણ છે. બાબા કહેતા, 'गाली देनेवाले को गले लगाओ' બાબાએ એવાં અનેક લોકોને માફ કરી, તેમના પ્રત્યે રહેમભાવ અને સ્નેહભાવ રાખ્યાં છે. આવા આત્માઓના કલ્યાણની તેમણે કામના રાખી છે.

અનેક સાધુ સંતો, પીર પેગંબરો, ધર્મ સ્થાપકો, ભિન્ન ભિન્ન ક્ષેત્રના મહાન પુરુષો-સ્ત્રીઓ ક્ષમાભાવને લીધે અમર બન્યાં છે. ઈશુખ્રિસ્તે એમને વધસ્તંભ ઉપર ચઢાવી મોત આપનારને માફ કર્યાં. સ્વામી દયાનંદ સરસ્વતીએ રસોઈમાં ઝેર આપનાર પોતાના રસોઈયાને ક્ષમા કરી તેને બચવાની તક આપી. આવાં તો ઘણાંયે દૃષ્ટાંતો છે.

ક્ષમા આપનાર સાગર જેવા છે. ક્ષમા આપીને હળવા થવાનું છે. ક્ષમાભાવ એ સુવાસ છે. ગમે તેવા કઠોર હૃદયનો માનવ ક્ષમાભાવથી બદલાય છે. તેથી જીવનમાં ક્ષમાભાવને ધારણ કરી પરમાત્મ પ્રત્યક્ષતામાં નિમિત્ત બનવાનું છે.

આત્માભાવ

ઈશ્વરીય જ્ઞાનનું પ્રથમ પગથિયું આત્મભાવ છે. દેહભાનની વિસ્મૃતિ અને આત્મભાવની જાગૃતિ. કોઈને જોતાં જ્ઞાતિ, જાતિ, વય, લિંગભેદ, ભાષાભેદ, રાષ્ટ્રભેદ આ સર્વથી ભિન્ન અજર, અમર, અવિનાશી ચૈતન્યસત્તા જ્યોતિબિંદુ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય. આત્માના ગુણો-શક્તિ, જ્ઞાન, પવિત્રતા, શાંતિ, પ્રેમ, આનંદ, સુખના આધારે આત્માની ઓળખ થાય. આત્માનુભૂતિ સંભવ બને. આધ્યાત્મિક જ્ઞાનનો, પુરુષાર્થનો પાયો જ છે આત્મભાવ. જ્યાં દેહ અને દેહના સર્વસંબંધો લુપ્ત થાય છે. વિશ્વપિતા પરમાત્મા અને તેનાં સંતાનો આત્માઓ આજ ભાવ રહે છે. ત્યારે વસુધૈવ કુટુંબકમની વિશ્વ એક પરિવારની ભાવના જન્મે છે. આત્મભાવ સર્વ પ્રકારના ભેદોને ઓગાળી દે છે. નિરંતર આત્મભાવ અનુભવાય તો સ્થિતિ, પરિપક્વ, સ્થિતપ્રજ્ઞ, ઉપરામ બને છે.

શુભભાવના - શુભકામના

શુભભાવના એટલે શક્તિશાળી સંકલ્પોની સૃષ્ટિ, સર્વ આત્માઓ પ્રત્યે સદાકાળ અને જ્ઞાનયુક્ત કલ્યાણની ભાવના. આપણી શુભભાવના - શુભકામના શ્રેષ્ઠ ફળની અનુભૂતિ કરાવે છે. શુભકામના જન્મે છે તેમાંથી શુભભાવના આકાર લે છે. આપણે દુ:ખી, અશાંત આત્માઓ પ્રત્યે રહેમદિલની કામના રાખવાની છે. કોઈપણ આત્માના જીવન પરિવર્તન માટે

શુભભાવના - શુભકામના એ આધારશિલા છે.

આપણી શુભભાવના - શુભકામનાને અભિવ્યક્ત કરતી સંકલ્પશક્તિ શક્તિશાળી હોવાની સાથે શુદ્ધ સ્વરૂપની હોય તે અપેક્ષિત છે. જેથી અન્ય આત્માઓ પણ તેની અનુભૂતિ કરી શકે છે. અંતિમ સમયમાં ભાવનાવાળા ભક્તોની ભીડ જામશે. આપણી શુભભાવના - શુભકામનાથી તેઓ ધન્યતાની, પ્રાપ્તિની અનુભૂતિ કરશે. શુભભાવના - શુભકામનાથી દૈવી સંગઠન એકરસ સ્થિતિમાં સ્થિત થઈ શકે છે. સંકલ્પ, બોલ અને કર્મમાં શુભભાવના - શુભકામના હશે તો આપણને વિશ્વ સેવાના આપણા ધ્યેયમાં અવશ્ય સફળતા મળશે.

આપણી શુભભાવના - શુભકામના દ્વારા સુખમય સંસાર સતયુગનું સ્વપ્ન સાકાર થશે. અસંતુષ્ટ આત્માઓ આપણી શુભભાવના - શુભકામનાના પ્રભાવના બળે સ્વયંના દોષોનો એકરાર કરી સ્વયંનું પરિવર્તન કરશે. પુણ્યના ખાતામાં વૃદ્ધિ કરવા માટેનું અસરકારક માધ્યમ શુભભાવના - શુભકામના છે.

શુભભાવના - શુભકામનાની પ્રાપ્તિઓ ઉલ્લેખનીય છે. અસંતુષ્ટ આત્માઓ સંતુષ્ટ બને છે. તેનાથી પુણ્યના ખાતામાં વૃદ્ધિ થાય છે. કપરું કાર્ય સરળ બનાવવામાં શુભભાવના અસરકારક નીવડે છે. શુભભાવનાની યથાર્થ અવસ્થામાં રહેનાર યોગીસ્વયંને ભક્તોની સમક્ષ પૂજ્ય નહીં બનાવે પણ તેમનો બુદ્ધિયોગ પરમાત્મા સાથે જોડાવશે. શુભભાવના જ નિર્બળ આત્માઓને બળવાન બનાવે છે. સર્વ પ્રત્યે શુભભાવના હશે, તો વાયુમંડળ શક્તિશાળી બનશે. શુભભાવનાથી સહનશીલતાનું બળ મળે છે. જેથી વિપરીત સંસ્કારોવાળા આત્માથી અલિપ્ત થવા કરતાં તેની સાથે અનુકૂલન સાધવામાં મદદ મળે છે. શુભભાવનાના મહત્ત્વને જાણીને તેનો પ્રયોગ કરવાથી વિરલ સિદ્ધિઓ મળે છે.

પરિવર્તન શક્તિ

યોગીને ભિન્ન ભિન્ન પરીક્ષાઓ અને પરિસ્થિતિમાંથી પસાર થવાનું હોય છે. સામાન્ય માનવ જીવનમાં આવનારી પરિસ્થિતિથી વિચલિત બને છે. હતાશ, નિરાશ, નાસીપાસ થાય છે. ક્યારેક આત્મહત્યાઓ જેવી ઘટનાઓ પણ બને છે. સ્વભાવ, સંસ્કારની ટક્કર જેવા પ્રશ્નોમાં પણ તેની કસોટી થાય છે. આવા સમયે ગમે તેટલી વિકરાળ પરિસ્થિતિમાં પણ સ્વસ્થ રહી તેમાં ઉત્તીર્ણ થવા માટે પરિવર્તનશક્તિની આવશ્યકતા છે. જે કંઈ બની ગયું તેને સૃષ્ટિનાટક સમજીને પૂર્ણવિરામ મૂકવાની ક્ષમતા કેળવાય, તો સ્થિતિ અચલ, અડોલ, એકરસ રહી શકે છે.

મન વાણી અને કર્મથી કલ્યાણકારી કાર્યોમાં વ્યસ્ત રહેવાથી પરિવર્તન શક્તિમાં વેગ આવે છે. અન્ય આત્માઓની સેવાના ફલસ્વરૂપે મળનારી દુઆઓ જીવનમાં પ્રાપ્તિની અનુભૂતિ કરાવે છે. પ્રાપ્તિથી પરિવર્તન સરળ બને છે. પરમાત્માએ આપણને દેવતા બનવાનું લક્ષ્ય આપ્યું છે. તેનાથી લૌકિકવૃત્તિ, કોઈના દોષ જોવાની વૃત્તિ, ઈર્ષ્યા, ઘૃણાભાવ અને કાન ભંભેરવાની વૃત્તિનું પરિવર્તન કરવાનું છે. સંબંધોમાં રુહાનિયત હશે તો લૌકિક વૃત્તિ બદલાઈ જશે. મહાન પુરુષો-સ્ત્રીઓનાં વચનો પરિવર્તન કરાવે છે. જો આપણે સ્વમાનમાં રહીશું તો અભિમાન અને અપમાનની ભાવના લુપ્ત થઈ જશે. ગમે તેવા સ્વભાવ, સંસ્કારવાળા આત્માઓ પ્રત્યે પણ સ્નેહ, સહયોગ, શુભભાવના રાખી તેનું પરિવર્તન કરવા માટે નિમિત્ત બનીએ. મધુરતા, શુભભાવના - શુભકામના, સહનશીલતા, સ્નેહ અને ક્ષમાભાવ પરિવર્તનશક્તિનાં પગથિયાં છે.

પરિવર્તનશક્તિના મૂળમાં દૃઢસંકલ્પનું બળ અતિ આવશ્યક છે. જ્યાં દૃઢતા છે ત્યાં સફળતા છે. આળસ, બેદરકારી પરિવર્તનશક્તિ માટે બાધક બને છે. સાંપ્રત પરિસ્થિતિ જોતાં રહેમદિલીની ભાવનાથી ભરપૂર બનીશું તો વિઘ્નોનું પરિવર્તન કરી શકીશું.

સંપૂર્ણ પવિત્રતા

માત્ર બ્રહ્મચર્ય પાલન જ નહીં પણ મન, વાણી, કર્મમાં વિકારોના સૂક્ષ્મઅંશો પણ ના રહે તેજ સંપૂર્ણ પવિત્રતા છે. બ્રહ્માબાબાના પથ ઉપર ચાલવું તે બ્રહ્માચારી બનવા બરાબર છે. આમ પવિત્રતા એ રાજયોગી જીવનનો પાયો છે. પવિત્રતા એ દિવ્યગુણોની ચાવી છે. પવિત્રતા એ શ્રેષ્ઠતા છે. પવિત્રતા પરમાત્મ પ્રત્યક્ષતાનો આધાર છે. પવિત્રતા સુખશાંતિની જનની છે. પવિત્રતાની ધારણા હશે તો જ આધ્યાત્મિક વિકાસ શક્ય બનશે. મન, વાણી, કર્મ, સંબંધ, સંપર્ક, સ્વપ્ન સર્વમાં પવિત્રતાની ધારણા અતિ આવશ્યક છે.

દરેકને આત્મિક રૂપમાં નિહાળવા તે પવિત્ર દૃષ્ટિ છે. દરેક પ્રત્યે શુભભાવના - શુભકામના રાખવી તે પવિત્ર વૃત્તિ છે. પોતાના કર્મથી દરેક આત્માને સુખ આપવું અને લેવું તે પવિત્રકૃતિ છે. સંપૂર્ણ પવિત્રતા દ્વારા જ અતીન્દ્રિય સુખની અનુભૂતિ થાય છે. સર્વ કર્મેન્દ્રિયો દ્વારા સ્થૂલ યા સૂક્ષ્મ રીતે વિકારનો અંશ માત્ર પણ દૃશ્યમાન ન થાય. અંગો શીતળ બને, યોગી જીતેન્દ્રિય બને તે સંપૂર્ણ પવિત્રતા છે. લોકો સ્થૂલ શુદ્ધિને પવિત્રતા સમજે છે. જ્યારે રાજયોગી જીવનમાં મન, વાણી અને કર્મની પવિત્રતા ઉપર ભાર મૂકવામાં આવે છે.

આધ્યાત્મિક જીવનના પથ ઉપર ચાલનાર દરેક સાધક માટે આ પ્રતિજ્ઞાપત્ર આત્મિક ઉત્થાનનું પ્રેરણાદાયી સોપાન છે. તેને ઈચ્છીએ ત્યારે અમલમાં લાવી શકાય છે. ભૂલ્યાં ત્યાંથી ફરીથી ગણો, અને જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે પ્રતિજ્ઞાબદ્ધ થઈ જીવનને ધન્ય બનાવીએ એ જ શુભકામના.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 12નું અનુસંધાન)... બચાનેવાલા..

ચમકવા લાગ્યો. તેણે કહ્યું, 'બાબાએ કમાલ બચાવી લીધા, નહિ તો મારા કપાળ પર કલંક લાગી જાત. હું બદનામીથી બચી ગયો.' કુશળ ડ્રાઈવર, ગ્રામવાસીઓની મદદ, નજીકના ગેરેજના માલિકની માનવતાભરી સહાય, ઓછો વાહનવ્યવહાર - કેટકેટલી અનુકૂળતા ડ્રામામાં નૂંધ હતી ! કપડવંજ આવતા એક હોટેલ પાસે સૌને ફ્રેશ થવા માટે ગાડી ઊભી રાખી. ત્યાં જ ગેરેજવાલા મહંમદભાઈનો ફોન 'મહેશભાઈ, ગાડી બરાબર દોડે છે ને? બહેનો બધી સલામત છે ને !' અજાણ્યા લોકો છતાં માનવવતાની મહેક કેવી જીવંત છે! એક બ્રહ્માકુમારી બેન બોલી, આ ગામના લોકો કેટલા ભલા અને માયાળુ છે! આ લોકોને કોર્સ કરાવવા બે-ત્રણ દિવસ માટે અહીં આવીને રહેવાનું દિલ થાય છે.' મેં કહ્યું, બહેન અહીં જ બાબાની કોલેજ ખોલી દઈએ. તમે ચલાવશો?'

સૂરજ નમી ગયો હતો. 'પ્રભુ શરણમ્' ભવનમાં ગાડીએ પ્રવેશ કર્યો ત્યારે સૌ કોઈ અમને હેમખેમ જોઈ રાજી થઈ ગયાં હતાં. બીજે દિવસે ક્લાસમાં અનુભવ સંભળાવ્યો. બાબા એમના બાળકોની રક્ષા કરે છે એની પ્રતીતિ સૌને થઈ. બાબાનો ફોટો મેં રૂમમાં રાખ્યો છે, જેમાં લખાણ છે, 'બચ્ચે આપ ચિંતા મત કરો, મૈં બૈઠા હૂઁ!'

॥ ઓમશાંતિ ॥

મનસા સેવા

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

સંસાર, દુઃખ, અશાંતિ, માનસિક તાણ, નિરાશા તથા ખેદના વમળોમાં ફસાઈ ગયો છે. માનસિક રોગો મનુષ્યો પર પોતાનો પ્રભાવ પાડી રહ્યા છે. ભ્રષ્ટાચાર તથા ચારે બાજુ પોતાનો પંજો ફેલાવી રહ્યો છે. કામ ક્રોધ અને લોભની જ્વાળા ભસ્માસુર બનીને પૃથ્વીને ગળી રહી છે. શાસકોનું તંત્ર લાચાર બની રહ્યું છે. આવા સમયમાં અસહાય મનુષ્યાત્માઓ તૃષિત નજરોથી પોતાના ઈષ્ટદેવો તરફ જોઈ રહ્યા છે. અમને મદદ કરો, સહારો આપો, શાંતિ આપો, સફળતા અપાવોનો અવાજ પ્રત્યેકના મનમાં ગૂંજી રહ્યો છે. બીજી બાજુ આપણા સર્વના પરમપિતા પ્રેમ તથા દયાના સાગર આ સર્વ જોઈને પોતાના મહાન પૂર્વજો તથા ઈષ્ટ દેવી દેવતાઓને વારંવાર પ્રેરણા આપી રહ્યા છે હે પૂર્વજો, આ સર્વને સકાશ આપો. અહીં કેટલાંક મહાવાક્યો રજૂ કર્યાં છે.

ભગવાનુવાચ - સર્વધર્મોના આત્માઓના તમે પૂર્વજ છો. તમારે સકાશ આપીને સર્વની પાલના કરવાની છે.

તમારી સકાશની સમગ્ર સંસારને ઘણી ઘણી આવશ્યકતા છે.

જો તમે પોતાના પૂર્વજ સ્વરૂપની સ્મૃતિમાં રહો તો તમારાથી સર્વની પાલના થતી રહેશે.

જો તમે સકાશ આપવાની સેવામાં વ્યસ્ત થઈ જાઓ તો તમે સ્વયં પણ નિર્વિઘ્ન બની જશો.

હે પૂર્વજો.... શક્તિઓ આપીને સર્વનાં દુઃખ, અશાંતિ દૂર કરો.

આપણે સર્વ પૂર્વજ છીએ. આપણા પુણ્યકર્મોનું બળ સંસારના સર્વ આત્માઓને મળે છે. એટલે એનું ફળ પણ આપણને પદ્મો ગણું મળે છે. આપણે અનુભવીએ, સ્વીકાર કરીએ કે આપણે મહાન છીએ, સર્વના ઈષ્ટદેવ તથા પૂર્વજ છીએ. આપણે માસ્ટર બીજરૂપ પણ છીએ અને ગ્રેટ ગ્રાન્ડ ફાધર પણ છીએ. સમગ્ર વિશ્વ આપણી જ વંશાવળી છે. જો આપણાં સંતાનો દુઃખી હોય તો આપણે ચેનથી બેપરવા કઈ રીતે બની શકીએ. આપણી જવાબદારી સમજીએ અને આ મહાન સેવામાં જોડાઈ જઈએ. વિશ્વાસ રાખો કે આપણા વાયબ્રેશન સમગ્ર વિશ્વ સુધી તથા સમગ્ર પ્રકૃતિ સુધી પહોંચે છે. આપણું યોગબળ અને પવિત્રતા વિશ્વ માટે વરદાન છે. આમ તો જ્યારે આપણે યોગયુક્ત હોઈએ છીએ ત્યારે આપણે લાઈટ હાઉસ હોઈએ છીએ. આપણાં પ્રકાશનાં કિરણો ચારે બાજુ ફેલાઈ રહ્યાં છે.

ભગવાનુવાચ - જે બાળકો મને આઠ કલાક યાદ કરે છે તેઓ મારા સૌથી વધારે મદદગાર છે કારણ કે એમનામાંથી શાંતિ, શક્તિ તથા પવિત્રતાનાં કિરણો, ચારે બાજુ ફેલાય છે. જે યોગી રોજ ચાર કલાકથી વધારે યોગયુક્ત રહે છે, તેઓ પણ આ સેવા કરે છે. ગીતામાં એક ગુહ્ય મહાવાક્ય છે, હે અર્જુન જેના મનમાં વ્યર્થ સંકલ્પોનો અભાવ છે તે યોગી આ વિશ્વ માટે બહુ જ કલ્યાણકારી છે. શા માટે ? કારણ કે જ્યારે આપણે નિ:સંકલ્પ બની જઈએ છીએ અર્થાત એક સંકલ્પમાં સ્થિત થઈ બિન્દુ રૂપ બની જઈએ છીએ તો તેનાથી આપણામાંથી ઘણાં શક્તિશાળી

વાયબ્રેશન્સ ચારે તરફ ફેલાય છે. જે જગતનું કલ્યાણ કરે છે.

એ રીતે થોડા આત્માઓ પણ સંપૂર્ણ પાવન બની જાય છે. તો એનાં વાયબ્રેશન્સથી સંપૂર્ણ પ્રકૃતિ પાવન બની જાય છે.

સકાશ (વાયબ્રેશન્સ) કઈ રીતે આપીએ ?

ભગવાનુવાચ - ગ્લોબ પર બેસીને પરમધામની સ્થિતિમાં સ્થિત થઈને જો થોડા સમય માટે પણ વિશ્વને સકાશ આપશો તો પ્રારબ્ધ અનેક ગણું બનશે.

અનુભવ કરો કે હું ગ્લોબ (વિશ્વના ગોળા) પર વિરાજમાન છું. હું માસ્ટર સર્વ શક્તિવાન છું. સર્વ શક્તિવાનની શક્તિઓ મારામાં સમાઈ રહી છે અને મારાથી ચારે બાજુ ફેલાઈ રહી છે.

હું પવિત્રતાનો સૂર્ય સૂક્ષ્મવતનમાં છું. મારા ઉપર બાબાના કિરણો પડી રહ્યા છે. નીચે ગ્લોબ છે. મારા મસ્તકથી બંને નયનોમાંથી પવિત્રતાનાં કિરણો વિશ્વના ગોળા ઉપર પડી રહ્યાં છે.

હું માસ્ટર સર્વશક્તિવાન છું. મારા ઉપર સર્વશક્તિવાન પરમાત્માની છત્રછાયા છે. મારા સામે ગ્લોબ છે. મારા મસ્તક તથા નયનોમાંથી શક્તિઓનાં કિરણો નીકળીને ગ્લોબ પર પડી રહ્યાં છે.

હું પવિત્રતાનો ફરિસ્તો છું. કમળ આસન ઉપર બિરાજમાન છું. પ્રકૃતિનો માલિક છું. પવિત્રતાના સાગરના સફેદ પવિત્ર કિરણો મારા પર પડી રહ્યાં છે તથા મારામાંથી ચારે બાજુ ફેલાઈને પ્રકૃતિનાં તત્ત્વોને પાવન કરી રહ્યાં છે.

હું માસ્ટર જ્ઞાનસૂર્ય છું. માસ્ટર દુઃખહર્તા છું. મારા અંગ-અંગમાંથી શક્તિઓનાં કિરણો નીકળીને ચારે તરફ ફેલાઈ રહ્યાં છે તથા સર્વના દુઃખ દૂર કરી રહ્યાં છે.

આપ દસ, વીસ શહેરોને પસંદ કરો અને અભ્યાસ કરો. હું શાંતિનો ફરિસ્તો છું. આ શહેરની ઉપર છું. બાબા પાસેથી શાંતિનાં કિરણો મારા પર પડી રહ્યાં છે. તથા મારામાંથી નીચે સમગ્ર શહેર ઉપર પડી રહ્યાં છે. એક બે ત્રણ મિનિટ આવી રીતે દરેક જગ્યાએ સકાશ આપો.

આ કલ્પવૃક્ષ એક ઉલટું કલ્પવૃક્ષ છે એનું દૃશ્ય સામે લાવો. હું પૂર્વજ ઉપર એના મૂળમાં બિરાજમાન છું. બાબા પાસેથી શક્તિઓનાં કિરણો મારા ઉપર પર પડી રહ્યાં છે અને મારામાંથી નીચે સમગ્ર કલ્પવૃક્ષની એક એક ડાળીમાં ફેલાઈ રહ્યાં છે.

આ રીતે દરરોજ સવારે તથા સાંજે વિશ્વને સકાશ આપો. જો આપના જીવનમાં સમસ્યાઓ છે તો એક કલાકમાં એક મિનિટ સકાશ આપો. આ રીતે આખો દિવસ સકાશ આપવાથી સાત દિવસમાં આપ નિર્વિઘ્ન બની જશો.

હે સૃષ્ટિના મહાન આત્માઓ ... ઉઠો પોતાનાં કર્તવ્યોને ઓળખો. અન્ય સ્થળે એટલા વ્યસ્ત ન બની જાઓ જેથી સકાશ આપવાનું ભૂલી જાઓ. તમારા ભક્ત તથા પ્રજા તૃષિત નજરથી તમને નિહાળી રહ્યાં છે. શું તમે એમને તૃષિત જ રહેવા દેશો? શું એમના દુઃખોનો પોકાર તમને દ્રવિત કરતો નથી. સકાશ આપો. તારું મારું તથા મૂંઝવણો છોડી દો. જેઓ વ્યર્થથી મુક્ત તથા વૈરાગ્યવૃત્તિવાળા હશે તેઓ જ વિશ્વની મહાન સેવા કરી શકશે.

॥ ઓમશાંતિ ॥

- **જો તમે વીતેલા સમયમાં જ રહેશો, તો વર્તમાન સમયમાં ભવિષ્ય કેવી રીતે જોઈ શકશો?**
- **યાદ રાખો, માતા-પિતાની વર્તણૂંક બાળકો માટે શિક્ષણનું માધ્યમ બની જાય છે.**

પ્રસન્નતાના પથ પર

અંધકારમાંથી પ્રકાશ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

અંધકારમાંથી પ્રકાશ તરફ જવામાં કેટલો સમય લાગે છે ? એક સ્વીચ દબાવીને બધું સાફ દેખાવા લાગ્યું. અર્થાત્ દૃષ્ટિ બદલાઈ ગઈ. જીવન જીવવાની દિશા જ બદલાઈ ગઈ. જો અંધકાર હશે તો ઠોકરો (ઠેસ) ખાઈશું. જ્યારે પ્રકાશમાં આવીએ છીએ ત્યારે પથ પર ચાલવું સરળ બની જાય છે. આજે આપણું મન પણ સ્વીચ ઓફ કરેલું છે. કારણ કે અજ્ઞાનતાનો અંધકાર હોવાથી દુઃખ, અશાંતિ, દર્દ જ દેખાશે. આપણી આવી દુનિયા કેમ બની ? કારણ કે આપણે બધું સ્વીકારતા જ રહ્યા. જેમ જેમ દુન્યવી વાતો ગ્રહણ કરતા ગયા તેમ તેમ તેમાં વૃદ્ધિ થતી ગઈ.

શું આપણે એ જાણવા ઈચ્છીએ છીએ કે એવી દુનિયા પણ છે જ્યાં દુઃખનું નામ નિશાન પણ નથી. આવી દુનિયામાં દર્દ શું છે તેની ખબર પણ પડતી નથી. જ્યાં બીમારી તો હોતી જ નથી. જ્યાં આપણે એક શરીર લઈ 150 વર્ષ સુધી એ શરીરમાં નિરોગી રહીએ છીએ. સમય જતાં એવું મન થાય છે કે આપણે શરીર બદલીએ. આમ આપણી ઈચ્છાથી આપણા જૂના શરીરનો ત્યાગ કરીને નવું શરીર લઈએ છીએ. આજે પણ પોતાના શરીરને છોડીને નવું શરીર ધારણ કરે છે. પણ અહીં ઉપર જણાવેલી દુનિયા જેવું નથી. કેટલાક સિદ્ધ સંતો પણ છે જેઓ આમ કરી શકે છે. (ગુજરાતમાં પૂજ્ય મોટા દૃષ્ટાંતરૂપ છે.)

આપણે એવી દુનિયા બનાવવાની છે જ્યાં લોકો ઈચ્છા મૃત્યુ કરી શકે છે. કેટલાક લોકો એવું કહે છે કે આ દુનિયા બદલાય જાય. કેટલાક એવું કહે છે કે અમે આ દુનિયા બદલી દઈશું. કેટલાક લોકો જૂના મકાનમાં રહેવા ઈચ્છે છે. તેઓ કહે છે આ મારું ઘર છે. મારે એમાં જ રહેવું છે. કેટલાક લોકો તો મકાન તોડવાનું પણ કાર્ય કરે છે. તેઓ તૂટતી દીવાલમાં ખીલા પણ મારે છે. કેટલાક લોકો જૂનાં મકાનમાં રહીને નવું મકાન બનાવે છે. રહેવાનું તો જૂના મકાનમાં જ હોય છે. જ્યારે આપણું નવું મકાન તૈયાર થઈ જાય છે તો જૂના મકાનમાંથી નવા મકાનમાં આવીએ છીએ. શું આપ મકાન બનાવવા માટે તૈયાર છો ? અર્થાત્ જીવનમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છો ? તો આજથી જ આપણે કોઈ ખોટું કામ કરવાનું નથી. દરેક વિચાર, દરેક બોલ, દરેક વ્યવહારમાં ઉર્જા (શક્તિ) ભરવાની છે. આમ વ્યક્તિ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન થશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 29નું અનુસંધાન)... ફિકર છોડો

દરેક પાસેથી સલાહ ના લો

અધિક લોકો પાસેથી સલાહ લેવાનો મતલબ છે કામને બગાડવું ભીડ ઈચ્છે છે કે આપ ભીડની જેમ જીવો અને એમની રીતે વિચારો, કંઈક મોટું કરવું છે તો ભીડથી વિપરીત વિચારવું પડશે.

॥ ઓમશાંતિ ॥

બચાનેવાલા હજાર હાથવાલા હોતા હૈ

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

બાબા પોતાનાં પ્યારાં બાળકોની સંભાળ રાખે છે - એ વાતની પ્રતીતિ કરાવતો એક અનુભવ. એક અવ્યક્ત વાણીમાં બાબાએ કહ્યું હતું.'અપને બચ્ચો કે લિયે મૈં હાજરા હજૂર હૂં. મુઝે બુલાકે તો દેખો.' આ વચનને સત્ય કરાવતી ભયંકર ઘટનાનો તાદૃશ અનુભવ વાંચો અને હૃદય 'વાહ ! બાબા વાહ !' ઉચ્ચારો.

ગઈ પંદરમી ઓગસ્ટે વહેલી સવારે નડિયાદ - 'પ્રભુ શરણમ્' ભવન માઉન્ટ આબુ 'શાંતિવન' જવા માટે કોલીસ ગાડી રવાના થઈ, જેમાં છ સમર્પિત નાની બહેનો (એક થી પાંચ વર્ષ) તપસ્યા ભઠ્ઠી માટે તેમજ એક વરિષ્ઠ નિમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં (આ લખનાર) તથા ડ્રાઈવર મહેશ સહિત આઠ વ્યક્તિઓ હતાં. બપોરે બે વાગ્યે અમે શાંતિવન પહોંચી ગયા.

આ વર્ષની બધી જ તપસ્યા ભઠ્ઠીઓનું થીમ - લક્ષ્ય એક સમાન હતું. 'લૌટ ચલેં અબ ઘર કી ઔર.' આ વાંચી ગીતની એક પંક્તિ યાદ આવી.

'બાબા બુલા રહે હૈં, બચ્ચોં વતન મેં આઓ.
અબ મુઝ કો ના બુલાઓ, તુમ મેરે પાસ આઓ'

સમયનો પુકાર છે - 'અબ ઘર જાના હૈ.' રીટર્ન જર્નીની વેળા આવી ચૂકી છે. તો તે પૂર્વે કઈ કઈ તૈયારી કરવાની છે અર્થાત્ બાપસમાન સંપન્ન અને સંપૂર્ણ બનવાનો પુરુષાર્થ શો? ઉપરામ અનાસક્ત અર્થાત્ ડબલ લાઈટ - માઈટ સ્વરૂપ ફરિશ્તાની આખરી સ્ટેજ પર પહોંચવા શું કરવું. મુક્તિ - જીવનમુક્તિનો ગેટ ખુલે તે અગાઉ 'એવરરેડી' બનવા માટેના સોપાનો ક્યા ચઢવાના છે? જ્વાલારૂપ પુરુષાર્થ દ્વારા 63 જન્મોના વિકર્મો દગ્ધ કરી કર્માતીત સ્ટેજે પહોંચવાનું અતીન્દ્રિય સુખનો અનુભવ કરી સાક્ષાત સ્વરૂપ અને સાક્ષાત્કાર સ્વરૂપ બનવાનું. પ્રકૃતિજીત બની પ્રકૃતિને સતોપ્રધાન બનાવવાના. આ બધા કર્તવ્યો પૂરા ક્યારે કરીશું? આવા ગહન વિષયોની ચર્ચા અને પ્રશ્નોત્તરીની રંગતથી અમારા હૃદય ઉત્સાહ-ઉમંગ અને પ્રસન્નતાથી છલકાતાં હતાં.

તપસ્યા ભઠ્ઠી પૂરી થયે તા. 20મી ઓગસ્ટે વહેલી સવારે બાપદાદાની વિદાય લઈ અમે પ્રયાણ કર્યું.

ગાડીચાલક મહેશે કહ્યું, 'ભારે વરસાદને લીધે પાલનપુર થઈને જવાનો રસ્તો ખાબડખૂબડ બગડેલો છે. આપણે અંબાજી થઈને જઈએ. એ રસ્તે વાહનવ્યવહાર પણ ઓછો હોય છે.' કોલીસ ગાડી (જે કચ્છના ભૂકંપ વખતે સેવામાં ખૂબ કામે લાગી હતી) પૂરપાટ દોડવા લાગી. અંબાજીના દર્શન માટે ભક્તોની ભીડ અને કતારો જોઈને બાબાની શુક્રિયા માની કે આપણને આવી ભીડમાંથી બચાવી લીધા. અંબાજી પસાર થતાં દૂર દૂરથી સરઘસ રૂપે આવતાં, 'જય અંબે'ના નારા લગાવતાં, લાલ ધજા ફરકાવતાં હોંશે હોંશે ચાલતાં ભક્ત જનોની મંડળીઓ જોઈ.

અંબાજી પસાર કર્યા બાદ બહેનોએ ચાલુ ગાડીએ નાસ્તાની વ્યવસ્થા શરૂ કરી. હું ડ્રાઈવરની બાજુની સીટ પર હતો. મારા હાથમાં નાસ્તાની ડીસ આવી. હું અલ્પાહાર શરૂ કરું છું ત્યાંજ ગાડીમાં ખટખટાહટનો વિચિત્ર અવાજ. બહેનોનો ગભરાટ અને કોલાહલ તથા ગાડીનું અસંતુલિત થઈ ડોલવાનું જોઈ મેં મહેશને પૂછ્યું, 'શું થયું છે ગાડીને? આ ખટાખટ અવાજ શાનો છે?' જવાબ આપવાને બદલે એણે રોડ પર સામે

આંગળી ચીંધી. રોડ પર મેં નજર કરી તો એક પૈડું સિત્તેર એંસીની સ્પીડે - ગાડીથી આગળ દોડી રહ્યું હતું. મહેશ ગાડીની સ્પીટ ઓછી કરવા આસ્તે આસ્તે બ્રેક મારી રહ્યો હતો. મારા હાથથી ડીસમાં ખમણના ટુકડા ઉછળતા હતા. હું આશ્ચર્ય ચકિત કે ત્રણ વ્હીલથી ગાડી શી રીતે ચાલી રહી છે! ગાડીની જમણી બાજુનું પાછલું વ્હીલ છૂટું પડીને ધમધમ કરતું દોડી રહ્યું હતું. તેની વચ્ચેનો લોખંડનો જાડો - મજબૂત સળિયો હતો જે રસ્તામાં કોઈ અડફેટે ચઢે તો ટાંટિયા તોડી નાંખે તેવો અને બેઠેલો જણ હોય તો માથાની ખોપરીનો ચૂરો કરી નાંખે તેવો હતો. મહેશે જો ગાડીને ફૂલ બ્રેક મારી હોત તો ગાડી તત્કાળ રોડ પર પટકાત અને ગાડીમાંના બે-ત્રણના ત્યાં જ રામ રમી જાત. બાકીનાને અંબાજી યા આબુની હોસ્પિટલમાં પહોંચાડવા પડ્યાં હોત. અહીં તો વેરાન જગામાં ક્યારે અને કોણ સહાય કરવા આવત? મહેશે ધીરે ધીરે બ્રેક મારીને ગાડીને કન્ટ્રોલ કરી લીધી જે જગ્યાએ ગાડી અટકી તેની દસેક ફૂટ દૂર એક પાન-મસાલા-ચોકલેટ વગેરે પરચૂરણ વસ્તુનો ગલ્લો યા દુકાન જેવું હતું. ગાડીને ખોડંગાતી દુકાન તરફ આવતી જોઈને અને છૂટા પડેલા પૈંડાને દૂરથી દુકાન તરફ વળતું જોઈને ત્યાં ઊભેલાં દસ-બાર માણસો ભાગ્યાં. કોઈ બાજુના ખેતરમાં તો કોઈ ગામમાં જતી ગલી તરફ દોડી ગયાં. દોડતું પૈડું રોડ પરથી ગતિ બદલી દુકાન પાસેના વૃક્ષના થડ પર ભટકાયું. બે-ચાર ફૂટ થડ ઉપર ચડીને નીચે પછડાયું. વૃક્ષના થડ પર ઊખડી છાલ (ગોબો અને મૂર્છિત વ્હીલને જોઈ અમને હાશ થઈ ! પૈડાએ કોઈને ય ના તો અડફેટે લીધાં કે ના કશી ઈજા પહોંચાડી. ગાડીની પણ ધીરે ધીરે બ્રેક મારી ગતિ ઓછી કરી ના હોત તો ત્યાં ઊભેલામાંથી કોઈ-કોઈ અને દુકાન સહિત દુકાનદારનો ખુડદો બોલી ગયો હોત.

પરંતુ સૌ બચી ગયાં ! ગાડીમાં બેઠેલા આઠેય અને દુકાન પાસે ઊભેલાં બધાં. બધાંએ જાણે સિનેમાનના પરદા પર ઘટના નિહાળી. જે સ્થળે આ ઘટના બની તે અંબાજીથી દસ-બાર કિ.મિ. દૂર હશે. ગ્રામજનોએ કહ્યું કે, ‘આ રોડ પર આગલા દિવસે ટ્રક અને ટેમ્પાના અકસ્માતમાં અગિયાર લોકો મરણને શરણ થયેલાં. આ જગ્યા શાપિત છે. અહીં અવારનવાર અકસ્માત થતા રહે છે.’ હવે પૂછપરછ કરતાં જાણ્યું કે ગેરેજ અહીંથી પાંચ કિ.મિ. દૂર છે. અહીં કોઈની બાઈક જોઈ. બાઈકવાળો ભાઈ મહેશ સાથે ગેરેજ બતાવવા તૈયાર થઈ ગયો. અડધા કલાકમાં ગેરેજથી બે-ત્રણ કારીગરો સાથે મહેશ જીપમાં આવી ગયો. ગેરેજના માલિક મહંમદભાઈએ સારી મદદ કરી. જેક તો લઈને આવેલા. પણ આખી ગાડીને ઊંચી કરવામાં ત્યાં ઊભેલા આઠ ભાઈઓ જ કામમાં આવ્યા, ત્યારે પૈડું બેસાડાયું. કારીગરોએ વેલ્ડિંગ કરી જેમ તેમ એજ પૈડું ફીટ કર્યું. એ ગેરેજમાં પૂરતાં સ્પેરપાર્ટસ નહોતા. એ માટે 35 કિ.મિ. ખેડબ્રહ્મા જવું પડે એમ હતું. ભલા મહંમદભાઈએ જીપ અને કારીગરો અમને આપ્યાં. છ-સાત કલાક ગાડીને ઠીક કરતાં લાગ્યા. દરમિયાન અમે ટેકરી પર વસેલા ગામમાં જઈ બપોરે બેસવાની જગ્યા શોધી લીધી. રજાને લીધે બંધ પ્રાથમિક શાળાના મકાનની ઓસરીમાં અમે બેઠાં. નજીકની ઝૂપડીમાંથી કોઈ માતાએ બેસવાનું પાથરણું આપ્યું. અમે બચી ગયાં જોઈ ગ્રામ વાસીઓ ખુશી વ્યક્ત કરતાં હતાં. ઓસરીમાં ભઠ્ઠીના અનુભવોની લેન-દેન ચાલી. પોણા ત્રણ વાગ્યે ગાડી ચાલુ થઈ ગઈ એવા સમાચારથી અમારા ચહેરા ખીલી ઊઠ્યા.

ડ્રાઈવર મહેશનો ચિંતાતુર ચહેરો હવે

(અનુસંધાન પેજ નં. 07 પર)

ફિર કરોગે કબ?

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

એક મહાત્મા પાસે એક વ્યક્તિ ગયો અને પૂછ્યું ઈશ્વર પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ? મહાત્મા તેને એક નદી પાસે લઈ ગયા, નદીના મધ્ય સુધી ગયા બાદ એકદમ જ તેનું માથુ પકડીને પાણીમાં ડૂબાડી દીધું. પેલા ભાઈ તો મહાત્માના હાથમાંથી છટકવાની કોશિશ કરવા લાગ્યા. એકાદ મિનિટમાં તો મહાત્માએ માથુ છોડી દીધું. તે ભાઈને પૂછ્યું - 'તૂં અંદરમાં શ્વાસ નહોતો લઈ શકતો તો તે દરમિયાન તૂં શું કરતો હતો?' 'હું શ્વાસ લેવા માટે મારું માથુ તમારા હાથમાંથી છોડાવવાનો પ્રયત્ન કરતો હતો.' 'તે સમય દરમિયાન બીજા કેટલા વિચાર આવ્યા?' 'ના, બસ આ એક જ વિચાર કે કેવી રીતે શ્વાસ લઈ શકાય. કોઈ પણ રીતે જીવન ટકાવવા માટે પ્રયત્ન કરતો હતો, વિચારતો હતો.' 'બસ આ જ રીતે પરમાત્માની સતત યાદમાં રહેવું. જો અન્ય વિચારો ન આવે કે ઓછા આવે, તો પરમાત્મા પ્રાપ્તિનો રાહ મળે.'

માનવજીવન અમૂલ્ય છે. - એવું બધા જ કહે છે પણ માને છે કોણ? સમજે છે કોણ? પહેલા બધાની પાસે ઘડીયાળ નહતી પણ સમય હતો. આજે તો કોઈને પણ કહીએ કે પરમાત્મ પ્રાપ્તિ માટે, અનુભૂતિ માટે બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર પર આવીને સાત દિવસનો કોર્સ કરો. ફક્ત સાત જ દિવસ, રોજનો એક જ કલાક. સાત કલાકમાં જ પરમાત્મ પ્રાપ્તિ, પરમાત્મ અનુભૂતિનો માર્ગ મળી જાય. પણ કહે છે કે સમય જ નથી મળતો.

મને જે નોકરી મળી છે તેમાં જે મળે છે તેના કરતાં પણ હું ક્યાં જાઉં તો મને વધારે મળે... મારું પ્રમોશન કેવી રીતે થાય... કમાણી વધે કેવી રીતે... મારા આ ધંધામાં મને વધુ વળતર કેવી રીતે મળે?... કયો ધંધો કરું... ધંધામાં શું પરિવર્તન કરું?... કઈ મશીનરી લાવું તો વધારે પ્રોડક્શન મળે?... પ્રોડક્ટીવીટી કેવી રીતે વધે?... આ બધા માટે આપણે આખા દિવસમાં કેટલા બધા વિચારો કરીએ છીએ, ગંભીરપણે પ્રયત્નો કરીએ છીએ. પણ આપણા પોતાના જીવન માટે પ્રયત્નો નથી કરતા. અરે, વિચાર સુધ્ધાં નથી કરતા, સમય પણ નથી ફાળવતા. આપણે આપણા પોતાના જ જીવન માટે ગંભીર નથી. બસ વિચારીએ છીએ - આ કામ પતાવીને પછી તે બાબતે વિચારીશું કે કોઈ પગલું ભરીશું. કોઈ વાર કોઈ સંબંધી કે મિત્રનું મૃત્યુ થાય ત્યારે વિચાર ઝબકી જાય છે કે જેમ આ ગયા તેમ મારે પણ જવાનું છે. પણ થોડી જ વારમાં જિંદગીની ઘટમાળમાં - ગોરખધંધામાં અટવાઈ જઈએ છીએ. એક સ્મશાનની બહાર સુંદર વાક્ય લખ્યું હતું...

આના તો તુઝે યહાં હી થા
જિન્દગી તે ગુજર ગઈ યહાં આતે આતે
અપનો સે તુઝે ક્યા મિલા
અપનો ને હી તુઝે જલા દિયા જાતે જાતે....

આપણી નજર અન્ય તરફ હોય છે. તેની પાસે લાખો રૂપિયા છે. મારી પાસે પણ હોવા જોઈએ. તેની પાસે ચાર બંગડીવાળી કે જગુઆર ગાડી છે મારી પાસે પણ તેવી જ કે તેનાથી ચડિયાતી કાર હોવી જોઈએ. તેની પાસે સરસ મજાનો બંગલો છે. મારી પાસે તેનાથી મોટો બંગલો હોવો જોઈએ. અને આ બધી જ ભૌતિક સુવિધાઓની પ્રાપ્તિની દોડમાં જીવન ખર્ચાઈ જાય છે. આ બધું પ્રાપ્ત જ્યારે થાય છે ત્યારે તેને ભોગવવાની શક્તિ નથી હોતી કે તે

મળ્યાની ખુશી નથી મળતી. મકાન 10-20 મોટા રૂમ, હોલ, કીચન, બેડરૂમનું પણ રહેનાર બે જ. બાળકો ક્યાં તો અલગ રહેતા હોય કે બહારગામ કે ક્યાંક વિદેશમાં. ભોજન માટે અપાર ધન પણ ડાયાબીટીશ, બ્લડપ્રેશર, હાર્ટટ્રબલના કારણે કેટલીક વસ્તુઓ પર કન્ટ્રોલ. વૈભવ અપાર પણ શારીરિક અશક્તિ કે બીમારી. આમ ભૌતિકતારૂપી બાહરમુખતાથી આપણી પાસે જે છે તેનું સુખ નથી લઈ શકતા.

પેલા માછીમારની કહાણીની જેમ જ હાલમાં મળતા સુખ, આનંદ, શાંતિ, વિશ્રામ, મનની શાંતિને બાજુમાં હડસેલીને, ઘણી બધી ભૌતિક પ્રાપ્તિ મળ્યા બાદ તેનો આનંદ લેવાનો વિચાર કરીએ છીએ અને આધ્યાત્મિકતાનો, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિનો માર્ગ સામે હોય ત્યારે સમયનો અભાવ એવો અભિપ્રાય દર્શાવી દઈએ છીએ.

આજે આપણે બધાએ એ તરફ ધ્યાન આપવાની જરૂર છે કે જિંદગી અથવા સમય તમારે માટે રોકાતો નથી. જિંદગી એક આઈસ્ક્રીમ જેવી છે. જે તરત જ ખાઈને તેનો આનંદ પ્રાપ્ત કરી શકાય છે. તેને જો મૂકી રાખીએ, થોડા જ સમય પછી ખાઈએ તો તે પીગળી જાય છે અને તેને ખાવાનો આનંદ ગુમાવી બેસીએ છીએ. આજે આપણે બધા જ બસ એક દોડમાં રોકાઈ ગયા છીએ. હું રોકાઈ જઈશ તો બીજો આગળ નીકળી જશે. હું રહી જઈશ. એવી ભ્રમણામાં જીવન પસાર કરી દઈએ છીએ.

આજનો મોટો પ્રોબ્લેમ - 'મારે શું' અને 'મારું શું' કશુંક અજુગતું બન્યું તો ઉપરામ થઈ જઈએ. મારે શું લાગે વળગે. કોઈને વાગ્યું તો હોસ્પિટલ લઈ જવાને બદલે આજકાલ લોકો વીડીયો ઉતારે અને તરત જ તેને સેન્ડ કરી દે. હું પહેલો - તે દર્શાવવાનો પ્રયત્ન, તેને વાયરલ કરવાનો પ્રયત્ન. મારે શું?. શું આપણી કોઈ જ સોશ્યલ જવાબદારી જ નથી? ના, આપણે થોડા ઘણા સ્વાર્થી બની ગયા છીએ.

બીજું - 'મારું શું?' એટલે કે હું આ કામ કરીશ કે મદદ કરીશ તો મને શું મળશે એવો વિચાર. બસ સ્વાર્થ એટલો જ કે મને કાંઈ જ ન મળતું હોય. માન, શાન, પોસ્ટ, પોઝીશન, તો હું શા માટે કાર્ય કરું. સ્વાર્થ વશ જ કાર્ય કરીએ. નિ:સ્વાર્થ ભાવ રહ્યો નથી.

પહેલા લોકો જે સંબંધો હોય તેને ટકાવી રાખવા ખૂબ મહેનત કરતા. એકબીજાને મળતા, સારા માઠા પ્રસંગે એકબીજાને બોલાવતા, મદદ કરતા. સંબંધો ન તૂટે, કાયમ રહે તે માટે ખૂબ ધ્યાન રાખતા. તેમાંથી કોઈ પ્રાપ્તિની આશા ન રાખતા. પણ સંબંધોને આધારે જ જીવનમાં ખુશી છે તે સમજતા. હવે તો જે સંબંધમાં કોઈપણ પ્રાપ્તિ ન હોય તો સંબંધ નથી રાખતા. એટલે જ ફેસબુક, વ્હોટસ એપ, ઈન્સ્ટા ગ્રામ, ટ્વીટર પર મિત્રોના ટોળેટોળા છે. પણ નજદિકી મિત્ર કોઈ જ નથી. સમય પર મદદ કરવા સાથે આવીને ઉભુ રહે, તૂટી પડેલા વ્યક્તિનો ટેકો બની રહે તેવું કોઈ જ નથી હોતું. તેથી આજનો સૌથી મોટો સામાજિક રોગ છે. એકલવાયાપણું. આટલા બધા ફેસબુક ફ્રેન્ડ્સ વચ્ચે માનવી પોતાને એકલો મહેસૂસ કરે છે.

જીવનનું લક્ષ્ય - ફક્ત ખાવું, પીવું, ઊંઘવું, હરવું, ફરવું, મોજ મસ્તી કરવાનું નથી, પણ આનંદની પ્રાપ્તિનું છે, જે આપણે સ્થૂળ બાબતોમાંથી ભૌતિક સાધનોની ઉપલબ્ધિથી સાધનોના ઉપયોગથી વ્યક્તિઓ સાથેના (કંઈક અંશે સ્વાર્થી) સંબંધોમાંથી ખોલીએ છીએ. જે પ્રાપ્ત તો થાય છે પણ થોડા સમય માટે જ, જ્યારે આપણને જોઈએ શાશ્વત આનંદ, શાશ્વત સુખ, શાશ્વત શાંતિ. એટલે જ મન થોડા સુખ, શાંતિ,

આનંદ પછી દુઃખમાં સરી પડે છે. મન અશાંત થાય છે, ઉદ્વિગ્ન રહે છે, તનાવમાં રહે છે, નિરાશામાં રહે છે, નિરાશા હતાશા અનુભવે છે. ક્યારેક ડીપ્રેશનનો અનુભવ કરે છે. એટલે આ આનંદને વિવેકશૂન્ય આનંદ કહેવાયો છે.

આનંદ એ આત્માનો મૌલિક ગુણ છે. તેની પ્રાપ્તિ માટે આપણે આપણી પોતાની અંદર જવાની જરૂર છે. તે માટે આપણે અન્યની ખુશીમાં ખુશ થઈએ, બીજાને મદદ કરીને ખુશી અનુભવીએ, નિઃસ્વાર્થ સેવા કરીએ, સકારાત્મક વિચારો તથા કર્મ કરીએ, મીઠા બોલ બોલીએ, અન્યના સાથને કંપનીને નિઃસ્વાર્થપણે માણીએ, સહનશીલ થઈએ, અન્યના ગુણોને જોઈને તેને જીવનમાં ઉતારીએ, અન્યના અવગુણોને મન ન ધરીએ, બુરાઈનો બદલો ભલાઈથી આપીએ, મન-વચન-કર્મની એકરૂપતા લાવીએ, સચ્ચાઈ સફાઈ વાળુ જીવન બનાવીએ, અન્યના જીવનમાં ખુશીઓ લાવીએ, દેવતાઓ સમાન મુસ્કુરાહટ આપણા ચહેરા પર લાવીએ, સ્નેહયુક્ત વ્યવહાર કરીએ, જીવનમાંથી ખરાબ આદતોને દેશવટો આપીએ, સારી આદતો પાડીએ, દ્રઢતાથી પોતાનું જીવન સકારાત્મક બનાવીએ, સર્વ પ્રત્યે સમદૃષ્ટિ રાખીએ, ઈચ્છા તૃષ્ણાથી મુક્ત થઈએ, સમયનો સદુપયોગ કરીએ અને વ્યર્થ બાબતો - વાતો - કર્મો - વ્યવહારથી દૂર રહીએ.

પરમાત્મા કહે છે - આ સંગમયુગ (કળિયુગના અંત અને સતયુગની શરૂઆત વચ્ચેનો આ સમય)ના સમયનું ખૂબ મહત્ત્વ છે. આ સંગમયુગમાં આખા કલ્પ (ચારેય યુગ)નું ભાગ્ય બનાવવાનો શ્રેષ્ઠ સમય છે. કર્મ તેવું ફળ કહીએ છીએ. ઉપરોક્ત બાબતોની તરફ જો ધ્યાનથી જોઈને વિચાર કરીએ તો એ વિદિત થાય છે કે આપણા સાધારણ કર્મોનું ફળ સાધારણ મળે છે (એટલે કે અલ્પ સમયનું મળે છે.) નકારાત્મક કર્મોનું ફળ નકારાત્મક (એટલે કે દુઃખ - અશાંતિ) છે. સકારાત્મક કર્મોનું ફળ સકારાત્મક મળે છે. (અલ્પકાલીત સુખ-શાંતિ) પણ સુકર્મોનું ફળ શ્રેષ્ઠતમ મળે છે. શાશ્વત સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે, જીવન ઊર્ધ્વગામી બને છે, મન શાંત બને છે. બુદ્ધિ દિવ્ય બને છે. સંબંધો સુખદાયી બને છે. સંસ્કાર સ્વભાવ બદલાઈને દૈવી ગુણવાન બને છે. બોલ મધુર બને છે. અતીન્દ્રિય સુખ અને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે.

એટલે હવે જરૂર છે આપણે સુકર્મો કરવાની. સુકર્મો એટલે એવા કર્મ જે પરમાત્માના સાન્નિધ્યને આધારે, પરમાત્માએ દર્શાવેલા માર્ગ પર અન્યને સુખ પ્રદાન કરતા કર્મ કરીએ.

સુકર્મો કરી શકીએ તે માટે આંતરિક શક્તિની જરૂર છે. જે પરમાત્મા સાથેના યોગ, મેડિટેશન દ્વારા મેળવી શકીશું. યાદ રહે - અત્યારે નહીં કરીએ તો ક્યારે કરીશું? જીવનનો અંત - મૃત્યુ અટલ છે અને અનિશ્ચિત છે, અચાનક છે.

તો ચાલો - આપણે સૌ પરમાત્માના સાથ, સહકાર, જ્ઞાન-યોગથી આપણા જીવનને ઉજ્જવળ બનાવીએ, નિઃસ્વાર્થ સેવામાં લાગીએ, સર્વને સુખ વહેંચીએ અને આ સૃષ્ટિને દેવભૂમિ બનાવવાના પરમાત્માના વિશ્વ પરિવર્તનના કાર્યમાં સહભાગી થઈને આપણા જીવનને ધન્ય બનાવીએ.

ચાલો ત્યારે - આવો છો ને?

॥ ઓમશાંતિ ॥

- **સ્વાતંત્ર્યનું મૂલ્ય હંમેશા જવાબદારી હોય છે.**
- **જો હું સત્યનો સંગાથી ન હોઉં તો હું અસત્યનો ગાઢ સાથી ગણાઉં.**

વિશ્વ પરિવર્તનની આધારશિલા
શિવરાત્રિ - શિવજયંતી

પરિવર્તન પ્રકૃતિનો સ્વાભાવિક નિયમ છે. આમ છતાં પરિવર્તન માટે માનવ પ્રયાસ કરતો જ રહ્યો છે. આજે તો આપણે એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ કે દરેક માનવનો અંતરાત્મા એવું કહી રહ્યો છે કે હવે તો આ વિશ્વમાં અવશ્ય કંઈક પરિવર્તન તો થવું જ જોઈએ. કારણ કે આજે તો ધર્મસત્તા અને રાજ્યસત્તા બંને જ શક્તિહીન બની ગયા છે. માનવ દુઃખને સુખમાં, અશાંતિને શાંતિમાં, ઘૃણાને પ્રેમમાં, અજ્ઞાનને જ્ઞાનમાં પરિવર્તિત કરીને પવિત્રતા, સુખ, શાંતિમય જીવન વ્યતીત કરવા ઈચ્છે છે. સર્વ આત્માઓની મનોકામના પૂર્ણ કરનારા એક પરમપિતા પરમાત્મા જ છે. જેમના અવતરણની યાદગાર આપણે દરેક વર્ષે 'શિવરાત્રિ'ના રૂપે ઉજવીએ છીએ.

શિવરાત્રિ એક સાર્વભૌમ તહેવાર

જો શિવરાત્રિના તહેવારમાં રહેલું આધ્યાત્મિક રહસ્ય આપણે પૂર્ણ રીતે જાણી જઈએ તો વિશ્વ પરિવર્તન સહજ જ થઈ શકે છે. કારણ કે શિવરાત્રિ માત્ર શૈવ સંપ્રદાયના ભક્તોનું જ પર્વ નથી પરંતુ સમગ્ર વિશ્વના મુખ્ય ધર્મ, પ્રાચીન સભ્યતા અને પ્રાચીન સંસ્કૃતિને જોઈએ તો સ્પષ્ટ થાય છે કે આ પાવન પર્વ વિશ્વના સર્વ આત્માઓ માટે જ છે. દાખલા તરીકે જોઈએ તો મહાભારત (આદિપર્વ)માં પણ લખ્યું છે કે ''સૌથી પહેલાં જ્યારે આ સૃષ્ટિ તમોગુણ અને અંધકારથી આચ્છાદિત હતી ત્યારે એક અંડાકાર જ્યોતિ પ્રગટ થઈ અને તે જ્યોતિર્લિંગ જ નવયુગની સ્થાપના માટે નિમિત્ત બન્યું. એણે કંઈક શબ્દો કહ્યા અને પ્રજાપિતા બ્રહ્માને અલૌકિક રીતે જન્મ આપ્યો'' મનુસ્મૃતિમાં લખ્યું છે કે ''સૃષ્ટિના આરંભમાં એક અંડ પ્રગટ થયો જે હજારો સૂર્યો સમાન તેજસ્વી અને પ્રકાશમાન હતો. એ રીતે શિવપુરાણમાં 'ધર્મસહિતા'માં લખ્યું છે કે 'કલિયુગના અંતમાં પ્રલયકાળમાં એક અદ્‌ભુત જ્યોતિર્લિંગ પ્રગટ થયું જે કાલાગ્નિ સમાન જ્વાલામાન હતું. તે અનુપમ હતું અને એ દ્વારા જ સૃષ્ટિનો આરંભ થયો.'' જોવામાં આવે છે કે માત્ર ભારતના ધર્મગ્રંથોમાં જ નહીં પરંતુ યહૂદી, ખ્રિસ્તી, મુસલમાનોના જૂના ધર્મ પુસ્તક 'તૌરત'નો આરંભ આ રીતે જ થાય છે. સૃષ્ટિના નવ નિર્માણની પ્રક્રિયા આ રીતે થાય છે. સૃષ્ટિના આરંભમાં ઈશ્વરનો આત્મા પાણી ઉપર ડોલતો હતો અને આદિકાળમાં પરમાત્માએ જ આદમ અને હવાનું સર્જન કર્યું જેના દ્વારા સ્વર્ગ સ્થપાયું. ભગવાનનું નામ 'જિહોવા' માને છે જે શિવનું જ પર્યાયવાચી નામ છે.

ભારતના ખૂણે ખૂણામાં શિવની જ યાદગાર છે. પૂર્વ(કાશી)માં વિશ્વનાથ, ઉત્તરમાં અમરનાથ, દક્ષિણમાં રામેશ્વર, પશ્ચિમમાં સોમનાથ, ઉજ્જૈયનીમાં મહાકાલેશ્વર, હિમાલયમાં કેદારનાથ, હિસ્સારમાં વૈદ્યનાથ, મધ્યપ્રદેશમાં ઑંકારનાથ, દ્વારિકામાં નાગેશ્વર વગેરે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ ભારતની બહાર પણ વિશ્વની મુખ્ય સંસ્કૃતિઓ પર શિવની છાપ છે. જેમ કે નેપાળમાં પશુપતિનાથ. આ રીતે બેબીલોન, મિશ્ર, યૂનાન અને ચીનમાં પણ કોઈ સમયે શિવની માન્યતા કોઈને કોઈ નામથી હતી. બેબીલોનમાં

શિવને 'શિઉન' કહેવામાં આવે છે. મિશ્રમાં 'સેવા' નામથી પૂજા થતી. રોમમાં 'પ્રિયપ્સ' કહે છે. ઈટાલીના દેવળોમાં આજે પણ શિવની પ્રતિમા મળે છે. ચીનમાં શિવલિંગને 'હુવેડહિફુહ' કહેવામાં આવે છે. યૂનાનમાં 'ફલ્લુસ'. અમેરિકામાં પુરુવિયા નામના સ્થાનમાં આજે પણ ઈશ્વરને 'શિવું' કહે છે. તથા કાબામાં પહેલાં શિવની પ્રતિમા હતી. સંશોધકોનું કહેવું છે કે 'કાબા ક્યારેક શિવાલય' હતું. જેનાથી સિદ્ધ થાય છે કે શિવપિતા પરમાત્માએ વિશ્વના કલ્યાણકારી પરિવર્તન માટે એવું વિશેષ કાર્ય કર્યું છે. એટલે આજ સુધી શિવની વિશ્વ વ્યાપી માન્યતા છે.

શિવરાત્રિનું મહાત્મ્ય

'શિવ અને રાત્રિ'ના વાસ્તવિક રહસ્યને ન જાણવાને કારણે જ પાપ સંતાપ હરનાર શિવપિતાને યાદ કરવા છતાં પણ મનુષ્ય આત્માઓના પાપ સંતાપ ઓછા નથી થતાં. હવે આપણે શિવરાત્રિની વિશેષતા પર જ દૃષ્ટિપાત કરીશું. આમ તો ૨૪ કલાકમાં એકવાર રાત્રિ આવે છે. પરંતુ ભારતીય જનજીવનમાં ત્રણ રાત્રિઓનું વિશેષ મહત્ત્વ છે. તે છે શિવરાત્રિ, નવરાત્રિ અને દીપાવલી. અહીં વિશેષરૂપે એ વાત ઉપર વિચાર કરીશું કે વર્ષભરની અન્ય રાત્રિઓમાં શિવરાત્રિ કઈ રીતે જુદી તરી આવે છે. જેને કારણે તે શિવરાત્રિને એક 'વિશેષપર્વ' રૂપે અથવા એક પવિત્ર વરદાન આપનારી રાત્રિના રૂપે ઉજવે છે અને શિવરાત્રિએ ગમે તે રીતે જાગતા રહેવાની કોશિશ કરે છે. પરંતુ પ્રશ્ન ઉઠે છે કે વર્ષમાં એક જ વાર જે શિવરાત્રિનો તહેવાર ઉજવવામાં આવે છે તો શું એ જ વાસ્તવિક શિવરાત્રિ છે ? જો તેનો ઉત્તર હામાં આપીશું તો એનો અર્થ એ થયો કે આપણે વર્ષની બાકીની રાત્રિઓમાં ભલે તમોગુણને વશીભૂત થઈએ અને 'શિવપિતાને ભૂલી જઈએ તથા વિકર્મ કરતા રહીએ અને શિવરાત્રિ આવે ત્યારે એકવાર નિર્જળા ઉપવાસ, જાગરણ તથા શિવની સ્તુતિ કર્યા કરીએ. આતો એવી વાત થઈ કે 'નૌસૌ ચૂહે ખાકર બિલ્લી હજ કો ચલી' એ સ્પષ્ટ છે કે દર વર્ષે ભક્તગણ જે શિવરાત્રિ ઉજવે છે. તે તો વાસ્તવિક શિવરાત્રિની ધૂંધળી યાદગાર છે. શિવની રાત્રિ કંઈ બાર કલાકની રાત્રિ ન હોય. પણ વાત કંઈક જુદી જ છે. તેથી તેનું રહસ્ય જાણવાની જરૂર છે.

'શિવ' પરમાત્માનું નામ છે અને શિવ શબ્દ કલ્યાણનો જ વાચક છે. આ પર્વ પરમાત્મા શિવના દિવ્ય જન્મના સ્મરણોત્સવ રૂપે ઉજવવામાં આવે છે અને 'શિવ'ના કાર્યના ફળસ્વરૂપે વિશ્વનું કલ્યાણકારી પરિવર્તન થયું. એટલા માટે પણ એનું નામ 'શિવરાત્રિ' છે. શિવ પરમાત્મા દ્વારા કલ્યાણકાર્યના સ્મરણોત્સવને 'રાત્રિ' શબ્દથી શા માટે જોડવામાં આવ્યો ? શું પરમાત્માએ આ રાત્રિએ જન્મ લીધો હતો ? શું રાત્રિમાં જ પવિત્ર રહેવા અથવા પોતાના કલ્યાણની વાત વિચારવા તરફ ધ્યાન ખેંચાવ્યું હતું ? આ વિષયમાં સ્મરણ રાખવા જેવી વાત છે કે અહીં રાત્રિ શબ્દ ૨૪ કલાકમાં એકવાર આવનારી રાત્રિનો વાચક નથી. કારણ કે ૮-૧૦ કલાકમાં જ વિશ્વ પરિવર્તનનું કાર્ય થઈ જતું નથી. અહીં રાત્રિ અજ્ઞાન અંધકાર, તમોગુણ અને આળસ સ્વરૂપ, વિસ્મૃતિનું તથા પાપાચારનું પ્રતીક છે. અહીં 'રાત્રિ' શબ્દ એ 'મહારાત્રિ'નો વાચક છે કે જ્યારે સમગ્ર સૃષ્ટિમાં ધર્મભ્રષ્ટતા અને વિકારની અતિ વૃદ્ધિ થાય છે. આવો સમય કલિયુગનો અંતિમ ભાગ જ હોય છે. પરમાત્મા શિવ આવા જ સમયે અવતરિત થઈને કલ્યાણ તરફ સૌનું ધ્યાન ખેંચાવે છે તથા વિશ્વનું કલ્યાણકારી પરિવર્તન કરે છે. એ માટે એને 'શિવરાત્રિ' કહેવામાં આવે છે. એની સાથે બીજી એક મુખ્ય વાત મનુષ્ય જાણતો નથી કે આજે આપણે કેટલામી શિવરાત્રિ

ઉજવી રહ્યા છીએ. કારણ કે જેની પણ જયંતી ઉજવીએ છીએ એની સંખ્યા સર્વને ખ્યાલ હોય છે. પરંતુ હવે કેટલામી શિવરાત્રિ છે તે જાણતા નથી, કારણ કે મંદિરોમાં શિવલિંગ નામથી જે 'શિવ'ની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી છે તે શિવ તો 'અશરીરી' છે. તેથી પ્રશ્ન ઉઠે છે કે એમનો જન્મ કયા તનમાં અને કઈ રીતે થાય છે ?

'શિવરાત્રિ'નું રહસ્ય

એ તો જાણે છે કે પરમપિતા પરમાત્મા શિવ જન્મમરણથી ન્યારા છે અને કર્માતીત છે. તેથી તેઓ કોઈ કર્મ જન્ય શરીર લઈને કોઈની પાસે શિશુના રૂપમાં તો પાલના લઈ શકે નહીં. તેઓ તો સર્વના માતાપિતા અને પાલનહાર છે. એટલે તેઓ કલિયુગના અંતિમ ચરણમાં સાધારણ મનુષ્યના તનમાં દિવ્ય પ્રવેશ કરે છે જેને 'પરકાયા પ્રવેશ' પણ કહેવામાં આવે છે. એમના મુખારવિંદ દ્વારા તેઓ ઈશ્વરીય જ્ઞાન અને યોગનું શિક્ષણ આપીને જનજનને સતોપ્રધાન બનાવીને 'સતયુગ'ની પુનઃ સ્થાપના કરે છે અર્થાત્ વિશ્વનું કલ્યાણકારી પરિવર્તન કરે છે. જેના તનનો આધાર લીધો તે માનવને તેઓ 'પ્રજાપિતા બ્રહ્મા' નામ આપે છે. આ નામ ગુણવાચક અને કર્તવ્યવાચક છે. એના દ્વારા એમણે ૫૦૦૦ વર્ષ પહેલાં જ્ઞાનગંગા વહાવીને ભારતને પાવન કર્યો હતો.

એ સાથે એ વાત જાણવી પણ જરૂરી છે કે મનુષ્યાત્માઓ તો શરીર ધારણ કર્યા પછી સંસારમાં જીવન વ્યતીત કરે છે. કાર્ય કરે છે અને અંતમાં એક શરીર છોડી બીજું લે છે. પરંતુ પરમપિતા પરમાત્મા 'શિવ' તો સદા મુક્ત છે એટલે એમના પુનર્જન્મનો તો પ્રશ્ન જ ઉઠતો નથી. તેઓ જ્યારે અવતરિત થઈને પરકાયા પ્રવેશ કરે છે ત્યારે પણ આખો દિવસ, પૂરો સમય એમનું એ તનમાં રહેવું જરૂરી નથી. કારણ કે એમનું પ્રજાપિતા બ્રહ્માના શરીર સાથે કોઈ બંધન નથી. એમના મુક્ત હોવાનો એ પણ અર્થ નથી કે તેઓ ફરીથી આ લોકમાં આવતા નથી. પણ એમનું તો કર્તવ્ય જ એ છે કે દરેક કલિયુગના અંતમાં જ્યારે ફરીથી અજ્ઞાન અંધકાર રૂપી રાત્રિ થાય છે ત્યારે તેઓ ફરીથી અવતરિત થઈને જ્ઞાન, યોગ તથા પવિત્રતાના આધારે વિશ્વનું કલ્યાણ કરે છે. તેથી એમનું નામ 'શિવ' તો શાશ્વત છે. એમનું એ કર્તવ્ય પણ દરેક કલ્પમાં પુનરાવૃત થવાનું છે. આ અત્યંત મહત્ત્વપૂર્ણ રહસ્યને જાણ્યા પછી આપ એ નિષ્કર્ષ પર સહજ જ પહોંચી શકશો કે વર્તમાન સમય તે જ અજ્ઞાન અંધકારનો ચાલી રહ્યો છે. શાસ્ત્રોમાં, પુરાણોમાં પણ વર્ણન આવે છે. કલિયુગના અંતનાં લક્ષણ આ પ્રમાણે છે. સદાચારહીન વ્યાપાર, વિવેકશૂન્ય વિજ્ઞાન, પ્રેમ વગરની પ્રભુતા, અંધશ્રદ્ધા યુક્ત ભક્તિ, ધર્મના નામે હિંસા વગેરે. કામવાસનામાં આંધળા બનેલા લોકોને કોઈ સંબંધની મર્યાદા દેખાતી નથી. બીજી બાજુ ભૌતિક પ્રગતિ દ્વારા અસ્ત્ર-શસ્ત્ર તૈયાર થયાં છે. જેમ કે હાઈડ્રોજન બોંબ, અણુબોંબ, એટમબોંબ વગેરે. કોણ જાણે ક્યારે એવી પળ આવશે જે વિશ્વને ભસ્મીભૂત કરી દેશે. આજે તો દરેક માનવ એમ જ કહે છે કે 'માનવતા ક્યાં ચાલી ગઈ છે ?', 'ધર્મ ક્યાં સૂઈ ગયો છે ?' પરંતુ નિરાશાના આવા તમોગુણી વાતાવરણમાં એક આશાનું કિરણ ઊગી ચૂક્યું છે. શું આપ જાણો છો? એ તો નિર્વિવાદ સત્ય છે કે અતિ અંતને લાગશે. અને એ પણ સત્ય છે કે અંત ફરીથી એક સોનેરી સવારને લાવે છે. એ રીતે આ સૃષ્ટિના પરિવર્તન પછી ફરીથી કલ્યાણકારી પ્રારંભ થશે.

શિવરાત્રિનો આધ્યાત્મિક સંદેશ

પરમપિતા પરમાત્માની અવતરણભૂમિ ભારતવર્ષ અધ્યાત્મ પ્રધાન દેશ છે. આ તપોમૂર્તિ રાજઋષિઓ અને આત્માભિમાની દેવી-દેવતાઓની પુણ્યભૂમિ છે. વિકારોની

જ્વાળાઓથી દગ્ધ વિશ્વને પ્રેમ, શાંતિ અને અહિંસાનો સંદેશ આપનાર આ દેશ છે. જ્યાં સિંહ અને ગાય પણ એક સાથે પ્રેમપૂર્વક રહેતાં હતાં.

શિવજયંતી નિરાકાર પરમપિતા પરમાત્મા ત્રિમૂર્તિ શિવના દિવ્ય અલૌકિક અવતરણનો પાવન સ્મરણોત્સવ છે. શિવરાત્રિ મહાવદ તેરસના દિવસે આવે છે. જે અજ્ઞાન અંધકાર અને તમોપ્રધાનતાની સૂચક છે. આ સમયે માનવ કામ-ક્રોધાદિ મહાવિકારોને વશીભૂત થઈને ઘોર દુઃખી અને અશાંત બની જાય છે. વિકારોરૂપી અસુરોના અત્યાચારથી માનવ ત્રસ્ત બની જાય છે. ત્યારે પુનઃ જ્ઞાન પ્રકાશ ફેલાવીને પાવન દેવ સૃષ્ટિની સ્થાપનાર્થે જ્ઞાનસૂર્ય નિરાકાર પરમાત્મા શિવનું દિવ્ય, અલૌકિક અવતરણ થાય છે. મૃત્યુંજય પરમાત્મા શિવ અજન્મા છે અર્થાત્ અન્ય આત્માઓની જેમ તેઓ માતાના ઉદર દ્વારા જન્મ લેતા નથી. પરંતુ કલ્પના અંતે દૈવી સ્વરાજ્યની પુનઃસ્થાપના માટે તેઓ પરકાયા પ્રવેશ કરે છે. સ્વયંભૂ પરમાત્મા શિવ યોગબળથી પ્રકૃતિને વશ કરીને એક સાકાર, સાધારણ, વૃદ્ધતનમાં દિવ્ય પ્રવેશ કરે છે અને એનું નામ રાખે છે પ્રજાપિતા બ્રહ્મા. નિરાકાર પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા જ્ઞાનયજ્ઞ રચે છે. જેમાં સમગ્ર આસુરી સૃષ્ટિની આહુતિ પડે છે. આ જ્ઞાનયજ્ઞથી તેઓ દૈવી પ્રજાની - પ્રજાપિતા બ્રહ્મા મુખ વંશાવળી અર્થાત્ બ્રહ્માકુમારો અને બ્રહ્માકુમારીઓની રચના કરે છે જેનાથી સતોપ્રધાન સતયુગી સૃષ્ટિના નવા ચક્રનો આરંભ થાય છે.

આજે ફરીથી ધર્મની અતિગ્લાનિ થઈ ચૂકી છે. માનવમાત્રનું ચારિત્રિક, નૈતિક અને આધ્યાત્મિક પતન ચરમ સીમાએ પહોંચી ચૂક્યું છે. વિજ્ઞાનનો અતિવિકાસ થયો છે. તેમાંયે સંહારક શસ્ત્રો, બોંબ આદિની શોધોએ માનવને ચિંતિત બનાવી દીધો છે. વસ્તી વિસ્ફોટ ભયાનક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આવા સમયમાં કલ્પની મહાનતમ ઘટના અને દિવ્ય સંદેશ સંભળાવતાં અમને અપાર હર્ષ થઈ રહ્યો છે કે કલિયુગના અંત અને સતયુગના આદિના આ કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગ પર જ્ઞાન સાગર, કરુણાના સાગર, પતિત પાવન, સદા જાગતી જ્યોતિ સ્વયંભૂ પરમાત્મા શિવ, જીવાત્માઓની બુઝાઈ ગયેલી જ્યોતિને પુનઃ પ્રજ્વલિત કરવા માટે પ્રજાપિતા બ્રહ્માના સાકાર, સાધારણ, વૃદ્ધ તનમાં દિવ્ય પ્રવેશ કરીને જ્ઞાન આપી રહ્યા છે અને આજે આપણે એમના દિવ્ય અવતરણની ૮૭મી જયંતી ઉજવી રહ્યા છીએ. લગભગ લુપ્ત થયેલ યથાર્થ ગીતા જ્ઞાન તથા સહજ રાજયોગના શિક્ષણ દ્વારા જીવાત્માઓને પતિતમાંથી પાવન બનાવી, પાવન, સતોપ્રધાન, સતયુગી દૈવી સ્વરાજ્ય (રામરાજ્ય)ની પુનસ્થાપના કરાવવા માટે સ્વયં પતિત-પાવન, નિરાકાર પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના કરી અને એ આધ્યાત્મિક ક્રાંતિ દ્વારા આગામી વર્ષોમાં થનારા મહાભારે મહાભારત મહાવિનાશ પછી પાવન રામરાજ્યની સ્થાપનાનું મહાનતમ કાર્ય અવશ્ય પૂર્ણ થશે.

આજે આપણે અનેક જયંતીઓ ઉજવીએ છીએ પરંતુ પતિત-પાવન, પરમપ્રિય, પરમપૂજ્ય, પારલૌકિક પરમપિતા પરમાત્મા શિવની દિવ્ય જયંતી જ હીરાતુલ્ય છે. તેથી પતિત પાવનની શિવજયંતી આપણે અતિ ઉલ્લાસ અને ઉત્સાહથી ઉજવવી જોઈએ. જન્મોત્સવ ઉજવતી વખતે ભેટ આપવાની પણ પ્રથા છે. આપ પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય જન્મોત્સવ પર કઈ ભેટ આપશો ? શિવ પરતો આકડો ધંતૂરો ચઢાવવામાં આવે છે. સંકટમોચન, મહાકાલેશ્વર પરમાત્મા શિવે માનવતાના કલ્યાણાર્થ હળાહળ વિષનું પાન કર્યું

હતું. આજે તેઓ ફરીથી સૃષ્ટિનું વિષપાન કરી રહ્યા છે. તેથી આપ પણ જીવનમાં દુઃખ-અશાંતિ પેદા કરનારા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર રૂપી હળાહળ વિષને મૃત્યુંજય, પતિતપાવન પરમાત્મા શિવને ભેટ ચઢાવી દો અને સ્વયંપાવન બની માનવ માત્રને પાવન નિર્વિકારી બનાવવાનું પાનનું બીડું ઉઠાવો. ફલસ્વરૂપ આપને પૂર્ણ પવિત્રતા, સુખ, શાંતિનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર અવશ્ય પ્રાપ્ત થઈ જશે.

ઘણા લોકો મહાશિવરાત્રિને શિવવિવાહના રૂપે પણ ઉજવે છે. અન્ય કોઈનો વિવાહોત્સવ ધાર્મિક ઉત્સવના રૂપે ઉજવવામાં આવતો નથી. તો જરૂર શિવવિવાહ કોઈ દિવ્ય અલૌકિક વિવાહ હશે. નિરાકાર પરમાત્મા શિવના શારીરિક વિવાહનો તો પ્રશ્ન જ નથી ઉઠતો કારણ કે એમનું શરીર તો છે જ નહીં વસ્તુતઃ આધ્યાત્મિક રૂપમાં સર્વ આત્માઓ પાર્વતીઓ છે. આ પુરુષોત્તમ સંગમયુગ પર નિરાકાર, જ્યોતિબિંદુ આત્માઓનું નિરાકાર સદા જાગતી જ્યોતિ પરમાત્મા શિવની સાથે દિવ્ય, અલૌકિક મિલન જ શિવવિવાહ છે. આત્મા પરમાત્માના આ દિવ્ય મિલનથી એ અતીન્દ્રિય સુખની અનુભૂતિ થાય છે જેનું ગાયન ગોપ-ગોપીઓ માટે છે. અમરનાથ પરમાત્મા શિવ સર્વ આત્માઓ રૂપી પાર્વતીઓને અમરકથા સંભળાવીને ફરીથી આ પુણ્યભૂમિ ભારત પર પાવન, અમરલોકની સ્થાપના કરાવી રહ્યા છે.

અહીં શિવ અને શંકરનો ભેદ સમજવા જેવો છે. શિવ અને શંકર બંને અલગ છે. જ્યોતિબિંદુ, જ્ઞાનસિંધુ, નિરાકાર, પરમપિતા પરમાત્મા શિવ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના પણ રચયિતા છે. શંકર સૂક્ષ્મલોકના નિવાસી એક સૂક્ષ્મ આકારી દેવતા છે. શંકરને સદા તપસ્વી રૂપમાં બતાવવામાં આવે છે. તો જરૂર તેમના ઉપર કોઈ ચડિયાતી સત્તા છે. જેમની તેઓ તપસ્યા કરે છે. નિરાકાર પરમાત્મા શિવના નિર્દેશથી જ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર - સ્થાપના, પાલના અને વિનાશનું કર્તવ્ય કરે છે.

હે માયાની માદક ઊંઘમાં સૂનારા જીવાત્માઓ, ઊઠો ! જાગો ! શું તમને એ દેખાતું નથી કે જે પતિત પાવન પરમાત્મા શિવને તમે જન્મ જન્માતરથી પોકારતા રહ્યા છો, જેને મળવા માટે તમે કઠોર તપશ્ચર્યા કરી છે અને જંગલો, ગુફાઓ ખૂંદી વળ્યાં છો. તે પ્રેમ સાગર પરમાત્મા તમને પતિતમાંથી પાવન બનાવવા માટે પોતાનું પરમધામ છોડીને આ સૃષ્ટિ મંચ પર સ્વયં આવીને કર્તવ્ય કરી રહ્યા છે. તમે હવે દેહ અભિમાન છોડીને આત્માનું જાગરણ કરો. પૂર્ણ પવિત્રતાનું સાચું વ્રત લો. વિકારોનો ઉપવાસ કરો. માયાનું વિષપાન છોડી ઈશ્વરીય જ્ઞાનામૃતનું પાન કરો અને અંતિમ જીવનની અંતિમક્ષણોને આધ્યાત્મિક પ્રેમ અને ઈશ્વરીય યાદથી સફળ કરી દો. એના ફલસ્વરૂપે તમને ૨૧ જન્મો માટે દેવપદની પ્રાપ્તિ થશે જ્યાં મૃત્યુનો પ્રવેશ પણ થશે નહીં. પ્રેમનું અખંડ સામ્રાજ્ય હશે. ઘી-દૂધની નદીઓ વહેશે અને હીરા ઝવેરાતથી સુસજ્જિત સુવર્ણ મહેલોમાં તમારો નિવાસ હશે. **॥ઓમશાંતિ ॥**

(પેજ નં. 33નું અનુસંધાન)... દાદી પુષ્પશાંતાજી

કરવાનું કહ્યું ત્યારે અમદાવાદ મોકલી, પછી પાછી બોલાવી. બાબા અને દાદી પ્રકાશમણિજીએ નક્કી કર્યું કે તબિયત ખાતર મુંબઈ છોડું, તો દાદી ગળગળા થઈને બોલ્યા, 'ચંદ્રિકા, તું બાબાની દુકાનની સારી મેનેજર છે, જેટલી તકલીફ મને ઘર છોડવામાં નથી થઈ એટલી તને વિદાય આપવામાં થઈ રહી છે.'

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

એક અલૌકિક, અદ્‌ભુત, અચૂક ફળ આપનાર
૧૦૮ મણકાની માળા

બ્ર.કુ. નીલા દેસાઈ, વાસણા, વડોદરા.

આ કોઈ હાથેથી ફેરવવાની, તુલસી કે રૂદ્રાક્ષની માળા નથી. પરંતુ મન બુદ્ધિને સાથે રાખી, દરેક સૂત્ર કે મણકાનું વિઝયુલાઈઝેશન કરીને ઉચ્ચારણ કરીને કરવાની છે. મનમાં પણ મનોમન કરી શકાય છે. હવે વહેલી સવારે અમૃતવેલા, બ્રહ્મમૂર્હતમાં બીજી વાર રાતે સૂતી વખતે ફેરવવાની છે. સવારે ઉઠતાની સાથે આપણું અવચેતન મન જાગૃત રહે છે. ખૂબ એક્ટીવ રહે છે. તમે શરૂઆતની પંદરવીસ મિનિટમાં તમે જે કાંઈ સંકલ્પ કરો, જે કાંઈ વિચારો તે તરત જ ઝડપથી ગ્રહણ કરી લે છે. તે સારા-નરસા વિચારોનો ભેદ પાડી શકતું નથી. વિચારો ગમે તે હોય, કાયમ તેને પ્રત્યે તે અસંવેદન રહે છે. તે માત્ર વિઝયુલાઈઝેનની ભાષા સમજે છે. નાના બાળકને જે કાંઈ કહીએ તે તરત સાચું માની લે છે. તે દલીલ કે તર્કવિતર્ક કરતું નથી. તેવી રીતે અવચેતન મન વિચારોનું વિશ્લેષણ કે દલીલ, તર્કવિતર્ક કરતું નથી. તેની ગ્રહણ કરી લેવાની શક્તિનો આપણે ભરપૂર લાભ લેવા કેટલાક આપણે જે ઈચ્છીએ છીએ. તે સંકલ્પો કરવા જજોઈએ. ત્યાં અવિનાશી રીતે ત્યાંના પટ પર કાયમી છપાઈ જાય છે. આપણા મૃત્યુ બાદ પણ તે સૂક્ષ્મ સ્વરૂપે સાથે રહે છે. સંસ્કારો રૂપે પણ તે કામ કરે છે. એટલે આપણે કરેલા વિચારો, સંકલ્પો તુરંત પ્રગટ ના થાય તો લાંબાગાળા પછી કોઈ પણ જન્મમાં પણ પ્રગટ (સાચા પડતાં હોય છે.) થયા વિના રહેતા નથી, માટે કશું જ અચાનક બનતું નથી. કોઈ પણ ઘટના કે પરિસ્થિતિ આપણાં જીવનમાં આવે છે. તે આપણે કરેલા વિચારો જ આપણે કરેલા કર્મો જ ફળ આપવા પ્રગટ થાય છે. માટે જ જો આપણું કલ્યાણ ચાહતા હોઈએ તો હંમેશાં સકારાત્મક ઉત્સાહવર્ધક શ્રેષ્ઠ વિચારો ઉપર ધ્યાન આપો. આપણું હિત વિચારીને, આપણી ઉપર, આપણે ઉપકાર કરવાનો છે. તો જોઈ લઈએ 108 વિચારો (મણકા) ક્યા છે તે જાણી લઈએ.

1. હું મહાન આત્મા છું.
2. હું સમર્થ આત્મા છું.
3. હું શ્રેષ્ઠ આત્મા છું.
4. હું ભાગ્યવાન આત્મા છું.
5. હું નિરોગી છું.
6. હું શારીરિક તેમજ માનસિક રીતે એકદમ સ્વસ્થ છું.
7. હું સર્વને ચાહું છું. સર્વે મને ચાહે છે.
8. સર્વ માટે શુભભાવના-શુભકામના ચાહું છું.
9. હું નિર્વિઘ્ન આત્મા છું.
10. હું વિજયી આત્મા છું.
11. હું જે ઈચ્છું તે મેળવી શકું છું.
12. હું ઉપયોગી છું.
13. હું મારાં કામ જાતે કરૂં છું.
14. મને હમેશાં પરમપિતા શિવબાબાનો સાથ મળી રહે છે.
15. તેઓ મારું સર્વે પ્રકારે રક્ષણ કરે છે.
16. પરમાત્માના વરદાન મને પ્રાપ્ત છે.
17. મને પરમાત્મા પ્રત્યે અખૂટ વિશ્વાસ છે.
18. મારો વિજય નિશ્ચિત છે.
19. સફળતા મને સહજ પ્રાપ્ત છે.

20. હું સૌથી ધનવાન છું.
21. સર્વનો સાથ જરૂર પડે મને મળી રહે છે.
22. હું સુખ-શાંતિ સંપન્ન છું.
23. સદા શાંતિ મને પ્રિય છે.
24. હું ધારું તે બધું જ શીખી શકું છું.
25. હું નિર્બંધન સ્વતંત્ર પંછી છું.
26. હું હમેશાં જરૂરિયાવાળાનો સહાયક બનું છું.
27. હું ગુણવાન છું.
28. હું ચરિત્રવાન છું.
29. હું ઉર્જાથી ભરપૂર છું.
30. હું સદાને માટે ખુશખુશાલ રહું છું.
31. હું માસ્ટર સત્‌ચિત આનંદ સ્વરૂપ છું.
32. મને નાના નિર્દોષ, માસૂમ બાળકો સાથે રમવું હંમેશા આકર્ષે છે.
33. ઈશ્વર નિર્મિત પ્રકૃતિનું સૌંદર્ય મને હંમેશા આકર્ષે છે.
34. બાગ-બગીચાના ખીલતા પુષ્પો, પક્ષીઓનો, કલરવ માણવા ગમે છે.
35. મારાં પરિવારના તમામ સભ્ય અનુકૂળને સારા છે.
36. મને બધાં જ સાથે ફાવે છે.
37. હું ગમે તેવી પરિસ્થિતિમાં સહજ રીતે એડજસ્ટ થઈ જાઉં છું.
38. વિશ્વના તમામ આત્માઓ નિર્દોષ છે.
39. હું મારાં શ્રેષ્ઠ કર્મો ઉપર ધ્યાન આપું છું.
40. હું શુદ્ધ મન અને શુદ્ધ બુદ્ધિનો માલિક છું.
41. વિશ્વનાં તમામ મનુષ્ય માટે કલ્યાણની ભાવના રાખી પ્રાર્થના કરું છું.
42. મેં જીવનમાં એક મંત્ર અપનાવ્યો છે - બધું જ ભાવે છે. બધું ફાવે છે. બધું જ ગમે છે મને બધુ જ ચાલે છે.
43. હું સુખ-દુ:ખની પળોમાં સ્થિર રહું છું.
44. હું માનપાન, શાન, અપમાન ભૌતિક સુખોની અસરથી મુક્ત છું.
45. હું મારી જાતને ચાહું છું.
46. મારો મારા મન ઉપર પૂરો કંટ્રોલ છે.
47. મારું મનોબળ દૃઢ છે.
48. હું જ્ઞાન, ગુણ, શક્તિઓથી શ્રૃંગારીત છું.
49. સૂક્ષ્મ ખજાનાથી ભરપૂર છું.
50. પરમાત્માની રચેલી સૃષ્ટિ બેહદ પસંદ છે.
51. પરમાત્માની ગોઠવેલી યોજના પર ભરપૂર વિશ્વાસ છે.
52. સર્વ ઘટના કલ્યાણકારી છે.
53. હું અગવડને પણ સગવડમાં ફેરવી લઉં છું.
54. હું પ્રકૃતિને પણ અનુકૂળ બનાવી શકું છું. હું પ્રકૃતિજીત છું.
55. પશુ-પક્ષી તરફ પણ રહેમભાવ રાખું છું. તેથી તે અનુકૂળ થઈ જાય છે.
56. વૃક્ષો, વનસ્પતિ, છોડ વગેરેને પણ પ્રેમની જરૂર છે તેથી તેમની પ્રેમથી માવજત કરું છું.
57. મારું શરીર વ્યાધિ મુક્ત છે.
58. પંચતત્ત્વો તરફ સકારાત્મક ભાવ રાખો તે શરીરને સ્વસ્થ રાખે છે.
59. હું જે ઈચ્છું અર્થાત્ મને જે ગમે છે તે જ બીજાને આપું છું.
60. મને લેવા કરતાં આપવામાં વધારે આનંદ આવે છે.
61. હું આશાવાદી છું.
62. આજના સૂર્યોદયનાં સોનેરી કિરણો મારાં જીવનમાં એક નવી જ ઉર્જા પ્રદાન કરે છે. નવી જ આશા લઈને આવે છે.
63. આજ મારી સાથે બધું જ સારું જ બનવાનું છે.

64. હું પરમાત્માની શક્તિઓનાં કિરણોની છત્ર-છાયામાં સુરક્ષિત છું.
65. હું પરિવારના સારા-નરસા પ્રસંગે સાથ આપું છું.
66. હું નિર્ભય આત્મા છું.
67. હું ઉમંગ - ઉત્સાહિત આત્મા છું.
68. નાના નાના ભૂલકાઓની મીઠી મુસ્કાન પર હું વારી જાઉં છું.
69. પરિવારના વૃદ્ધો તો ઘરની શોભા છે. તેમની સેવામાં હંમેશાં તત્પર રહું છું.
70. માર્ગ ભૂલેલા પથિક જનને માર્ગ ચીંધવા ઉભો રહું છું.
71. બતાવેલા માર્ગે ન ચાલે તો હું ધૈર્યવત રહું છું.
72. હું એક પ્રકાશનો પુંજ છું.
73. મારું આત્મિક આભામંડળ દૂર દૂર સુધી ફેલાયેલું છે.
74. હું હિંમતવાન છું.
75. હું મારી જાત સાથે તેમજ બીજાઓ સાથે પ્રામાણિક રહું છું.
76. હું વડીલો તરફ નમ્રતા દાખવું છું.
77. જગતના તમામ લોકો સારાં છે.
78. મને દરેકમાં કોઈનો કોઈ ગુણ - વિશેષતા દેખાય છે.
79. હું પ્રભુ, પ્રકૃતિ, પંચતત્વની આભારી છું.
80. મારું જીવન મને ખૂબ પ્રિય છે.
81. હું વિશેષ આત્મા છું.
82. હું બોજ મુક્ત છું.
83. મને સાદગીને સરળતા ખૂબ પસંદ છે.
84. મારી તમામ ઈન્દ્રિયા શાંતને નિર્મળ છે.
85. હું મારા કામમાં નિયમિત છું.
86. મારો જન્મ શ્રેષ્ઠ બ્રાહ્મણ કુળમાં થયો છે.
87. મારા ભાગ્યનિર્માતા સ્વયં હું પોતે છું.
88. હું મારા ભાગ્યનો ઘડવૈયો છું.
89. ગીતા મારો પ્રિય ગ્રંથ છે.
90. હું બ્રહ્માંડમાં ઘૂમતી દૈવી શક્તિઓનું મારામાં આહ્‌વાન કરું છું.
91. અંતરીક્ષના ફેલાયેલા પ્રાણતત્ત્વને મારામાં આરોપીત કરું છું.
92. મારાં શરીરના આંતરિક અંગો તેમજ બાહ્ય જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય સાબૂત છે.
93. મને ભારતીય હોવાનો ગર્વ છે.
94. ભારતીય સંસ્કૃતિની ધરોહર જેવા પુરાણ-વેદ, ધર્મગ્રંથો, શાસ્ત્રો માટે મને માન છે.
95. ઋષિ પરંપરા, ગુરુકુળ પરંપરા, યોગ પ્રણાલી, ઉપનિષદ, આરોગ્ય શાસ્ત્ર ભારતની મહામૂડી છે.
96. ભારત દેશ મહાન છે.
97. હું વર્તમાનમાં જ જીવું છું.
98. ભૂતકાળ સરી ગયેલો સમય છે. ભવિષ્યની કાંઈ ખબર નથી.
99. જે હાથ ઉપર છે તેને હું માળું છું.
100. જે મારા હાથમાં નથી જેની ઉપર મારો કાબુ નથી તેના વિષે વિચારતો નથી.
101. મને પ્રાપ્ત થયેલી સુખ-સુવિધાઓ માટે હું બાબાનો વારંવાર આભાર માનું છું.
102. દરેક ધર્મની વ્યક્તિ માટે સમભાવ રાખું છું.
103. મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ, દેરાસર અગિયારી વગેરે અલગ ધર્મના ધાર્મિક સ્થળો એ હું નિ:સંકોચ જઈ છું.
104. મન મારું શ્રેષ્ઠ મિત્ર છે.
105. હું શક્તિવાન આત્મા છું.
106. ઈશ્વર એક છે.

(અનુસંધાન પેજ નં. 25 પર)

દિવ્યદર્શન

વિકારો પર વિજય અપાવનારું પર્વ - 'મહાશિવરાત્રી'

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મહાશિવરાત્રી એ કલ્યાણકારી પરમપિતા પરમાત્મા શિવ દ્વારા આ ધર્મ-કર્મભ્રષ્ટ , અજ્ઞાન-અંધકારમય સમયે દિવ્ય અવતરણ કરી વિકારોનાં પંજામાંથી આત્માઓને સ્વતંત્ર કરી, જ્ઞાનની જ્યોતિથી પવિત્રતાનાં કોમળ કિરણો ફેલાવી સુખ, શાંતિ, આનંદ સંપન્ન દૈવી સૃષ્ટિની સ્થાપનાનું એક પવિત્ર યાદગાર પર્વ છે. માનવતામાં નવજીવન સર્જનનો બોધક આ દિવસ, અનેક અનંત શાશ્વત સત્યોને સજીવ કરવાનું પરમ મહત્ત્વ રાખે છે.

મહા વદ ચૌદશના દિવસે મહાપર્વ શિવરાત્રિ તરીકે ઉજવાય છે, કળિયુગનાં અંતની ઘોર અજ્ઞાનતા અને અપવિત્રતાનું તે સૂચક છે. આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોઈએ તો, દ્વાપરયુગ અને કળિયુગને રાત્રિ કે કૃષ્ણપક્ષ કહેવાય છે. કળિયુગનો અંતિમ સમય પણ હવે પુરો થવામાં બહુ થોડોક સમય બાકી છે. કળિયુગ સતયુગ બન્ને યુગના સંગમના સમયે પરમાત્મા દિવ્ય અવતરણ કરે છે, જેને કૃષ્ણપક્ષની ચૌદશની રાત્રિ સમાન કહેવાય છે. એટલા માટે શિવનો સીધો સંબંધ રાત્રિ સાથે જોડાયેલો છે, રાત્રિના સમયે પણ પૂજા-પાઠનું મહત્ત્વ અપાયું છે. જ્યારે મોટે ભાગે અન્ય દેવી-દેવતાઓના પૂજા પાઠ કે પૂજન મોટેભાગે દિવસ દરમિયાન થાય છે. પરમાત્મા શિવની પૂજા માટે ભક્તો ત્રણેય પહોરનું રાત્રિ જાગરણ કરે છે.

શિવ મંદિરોમાં શિવલિંગ ઉપર રાખેલ જળાધારીમાંથી શિવની પ્રતિમા ઉપર ટીપું-ટીપું જળ નિરંતર પડતું જ રહે છે. તેનું પણ આધ્યાત્મિક રહસ્ય એ છે કે, સાચા સ્નેહની સાથે પરમાત્મા શિવ દ્વારા અપાયેલ બુદ્ધિરૂપી કળશમાં ભરેલ જ્ઞાનરૂપી અમૃતનાં બિંદુઓનું તાદાત્મ્ય શિવ પરમાત્માની સાથે નિરંતર જોડાઈ રહેવું. શિવલિંગ પર બિલીપત્ર અથવા ધતૂરો ચઢાવવો અર્થાત્ આપણી અંદરના વિષય વિકારોનો સાચા હૃદયથી ત્યાગ કરવો. પરમાત્મા નિરાકાર ત્રિમૂર્તિ શિવ છે તે સ્થાપના-પાલના-વિનાશના દિવ્ય કર્તવ્ય માટે ત્રણ સૂક્ષ્મ દેવાતઓ બ્રહ્મા, વિષ્ણ અને શંકરની રચના કરે છે. એટલા માટે ભક્તજનો શિવલિંગ પર ત્રિપુંડ કરી બિલીપત્ર ચઢાવે છે જેમાં ત્રણ પાંદડા હોય છે. કેટલું અદ્ભુત છે કે પ્રકૃતિએ પણ ત્રિમૂર્તિ પરમાત્મા શિવની યાદગારમાં જ ત્રણ પાંદડાવાળા બિલીપત્રની રચના કરી છે. શિવભક્ત શિવરાત્રિ પર ખાસ ઉપવાસ કે વ્રત પણ રાખે છે. વાસ્તવમાં સાચું વ્રત કામ, ક્રોધ આદિ વિકારોનું મનથી સાચું વ્રત કરવાનું છે. ઉપવાસનો સાચો અર્થ એ છે કે, પરમાત્માની પાસે વાસ કરવો અર્થાત્ મનથી શિવને યાદ કરવા. ભક્ત લોકો શિવરાત્રિના તહેવારે આખી રાતનું જાગરણ કરે છે. વળી, શિવભક્તો એમ વિચારે છે કે જમવાનું જમવાથી આળસ, નિંદ્રા, માદકતાનો અનુભવ થશે, એટલા માટે અન્નનો ત્યાગ કરે છે. માન્યતા એવી છે કે ઉપવાસ કરવાથી ભોળાનાથ શિવ પ્રસન્ન થાય. પરંતુ મનુષ્યોને તમોગુણ માદકતા તરફ આકર્ષિત છે. ખરેખર માયા એટલે પાંચ વિકાર છે. જ્યાં સુધી મનુષ્ય આ વિકારોનો ત્યાગ નહીં કરે, ત્યાં સુધી આત્માનું સાચું જાગરણ પણ થશે નહીં. આશુતોષ ભગવાન શિવ જે કામ વિકારના શત્રુ છે, એ કામી

મનુષ્ય પર કેવી રીતે પ્રસન્ન થઈ શકે?

બીજું મહા માસના કૃષ્ણ પક્ષની રાત્રે ઉજવાતી શિવરાત્રિ તો કળિયુગના અંતિમ સમયને નિર્દેશિત કરે છે. આ સમયે જ ભગવાન શિવે માનવ સમુદાયને જ્ઞાન દ્વારા પાવન, કલ્યાણકારી, દેવતુલ્ય બનાવ્યા હતા. એટલા માટે શિવરાત્રિનું સાચું વ્રત સમજવું સાંપ્રત સમયમાં જરૂરી છે. વર્તમાનમાં જે સમય પસાર થઈ રહ્યો છે કે, જેમાં શંકર દ્વારા આ કળિયુગી સૃષ્ટિના મહાવિનાશની સામગ્રી અને નવવિશ્વનું નિર્માણનું કર્તવ્ય તેઓ ફરીથી કરી રહ્યા છે. ત્યારે સાચા શિવભક્તોનું કર્તવ્ય એ છે, હવે સાચા મનથી મનોવિકારો પર રાજયોગ દ્વારા વિજય મેળવવા દૃઢ સંકલ્પનું વ્રત લેવું. આ મહાવ્રત શિવવ્રતના નામથી જગપ્રસિદ્ધ છે. આમ તો બધા દેવી-દેવતાઓ, મહાત્માઓ, ધર્મ સંસ્થાપકો, મહાન વિચારકો, રાજનીતિજ્ઞો, મહાપુરુષોની જયંતી ખૂબ ધામધૂમથી મનાવાય છે. ઘણાં સાંસારિક વ્યક્તિ જન્મદિવસને પણ મનાવે છે. કોઈ ધર્મ કે સંપ્રદાયનાં પ્રમુખ કે ગુરુજનોની જન્મજયંતી અનુયાયીઓ માટે મહત્વપૂર્ણ હોઈ ઉત્સાહપૂર્વક ઉજવે છે. શિવજયંતી સર્વોત્તમ અને શ્રેષ્ઠ તહેવાર છે જેવી રીતે કૃષ્ણ જન્માષ્ટમી, રામનવમીને સનાતન ધર્મનાં લોકો વધુ મહત્વ આપે છે. પરંતુ શિવરાત્રિ તો સર્વ ધર્મોનાં પારલૌકિક પરમપિતા પરમાત્માનો અવતરણ દિવસ છે. જેને સમગ્ર સૃષ્ટિ પર સર્વ મનુષ્યો એ ખૂબ ઊંચા ભાવ-ભાવના, ઉમંગ-ઉત્સાહથી અવશ્ય મનાવવી જોઈએ. પરમાત્મા માટે આજે સર્વવ્યાપી, નામરૂપથી ન્યારા હોવાની માન્યતાઓ કારણે શિવજયંતીનું મહત્ત્વ થોડું ઓછું થતું જતું જાય છે. પતિત પાવન પરમાત્મા શિવના ગુણો અને કર્તવ્યોની વિશાળતા તો અપરમઅપાર છે. વર્તમાન સમયમાં પરમાત્મા આ સૃષ્ટિ પર અવતરિત થઈ, સતોપ્રધાન, પાવન, સતયુગી સૃષ્ટિનાં નવનિર્માણનું કાર્ય કરી રહ્યા છે. મહાશિવરાત્રિ એમનાં આ દિવ્ય કર્તવ્યોની યાદગારનું પર્વ છે. આઓ, શિવરાત્રી નવીનતાઓ દ્વારા શિવ પરમાત્મા અને શિવાલયનો સત્ય પરિચય અન્ય આત્માઓ સુધી અવશ્ય મળે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... 108 મણકાની

107. આદિ સનાતન દેવી દેવતા ધર્મ જ છે. હિન્દુ કોઈ ધર્મ નથી.

108. ચિંતા મુક્ત પણ ચિંતન યુક્ત રહું છું.

ઉપરોક્ત સંકલ્પોમાં તમારી રસરુચિ અનુસાર ફેરબદલી કરી શકો છો. એવું નથી કે વહેલી સવારે કે મોડે સૂતી વખતે જ ફેરવી શકાય. આપણી અનુકૂળ સમયે, હરતાં ફરતાં, ઉઠતાં બેસતાં પણ મનન કરી શકાય. 10% મન એ આપણું ચેતન મન કામ કરે છે. તેમાં તર્કવિતર્ક, વિશ્લેષણ, દલીલબાજી વગેરે કરે છે. રોજીંદા કાર્યો માટે વિચારો કરે છે. પરંતુ મન એ આપણું આંતરિક મન છે. અવચેતન મનમાં રોજીંદા કાર્યો માટે કાંઈ વિચારતું નથી પરંતુ ઉચ્ચારેલા બધાં વિચારો પોતાનામાં સમાવી લે છે. તમે નેગેટીવ, વ્યર્થ, બીન ઉપયોગી, ફાલતુ વિચારો કરો તો તે પણ સંગઠિત કરે છે. ને પછી સમય આવે પ્રગટ થાય છે. માટે સવારે ને સાંજે કે રાતે કરેલા વિચારો જ સકારાત્મક હોવા જરૂરી છે. આ અદ્દ્ભુત માળા જો નિયમિત રૂપથી 21 દિવસ સુધી કરી લઈએ તે પાકા બની જાય છે. સંસ્કાર પરિવર્તન માટે ઉપયોગી છે. પછી હંમેશા સુવિચારો જ કરવાની આદત બની જાય છે. મનનો પોષ્ટીક ખોરાક તૈયાર થાય છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

સત્યનો સ્વભાવ

મંગતસિંહ નામે એક ચોર હતો. ચોરી કરવા છતાં પણ તે વિચારતો હતો કે તે પણ તે બહુ સારું કામ કરે છે. એક દિવસ ચોરીમાં એને ઘણું ધન મળ્યું પણ તે સંતુષ્ટ થયો નહીં. તેણે મોટી ચોરી કરવાનું વિચાર્યું. આમ વિચારીને તે એક જગ્યાએ ભીડમાં ઘૂસ્યો. ત્યાં એક સંત પ્રવચન કરી રહ્યા હતા. તેઓ કહેતા હતા કે માનવે સચ્ચાઈથી જીવવું જોઈએ. કોઈને પીડા નહીં પહોંચાડવી જોઈએ. આપણે જેને જરૂર છે તેને મદદ કરવી જોઈએ. એનાથી માનવનો ઉદ્ધાર થાય છે. સંતની વાતોનો તે ચોર ઉપર ઘણો પ્રભાવ પડ્યો. તે સંતની પાસે પહોંચ્યો અને બોલ્યો, સ્વામીજી, મેં મારા જીવનમાં હંમેશાં ખોટાં કામો જ કર્યાં છે. હું ચોરી કરવાનું છોડી શકતો નથી. કારણ કે બીજું કોઈ કામ મને આવડતું નથી.

સંત બોલ્યા. તમે ફક્ત સત્ય બોલવા લાગો. તમારો ઉદ્ધાર અવશ્ય થશે. બીજા દિવસે મંગતસિંહ ચોરી કરવા રાજમહેલ પહોંચ્યો. પહેરેગીરે જ્યારે એને પૂછ્યું તો એણે જણાવ્યું કે તે મહેલમાં ચોરી કરવા આવ્યો છે. પહેરેગીરે વિચાર્યું કે એવો કયો ચોર હશે જે કહે કે હું ચોરી કરવા આવ્યો છું. એણે જરૂર મજાકમાં કહ્યું હશે. પહેરેગીરે ચોરને મહેલમાં જવા દીધો. મંગતસિંહ મહેલમાં ઘૂસીને તિજોરી લઈ જવા લાગ્યો. પહેરેગીરે પૂછ્યું, આ શા માટે લઈ જઈ રહ્યો છે? મંગતસિંહે જવાબ આપ્યો, હું એને ચોરીને લઈ જઈ રહ્યો છું. પહેરેગીરે વિચાર્યું, કદાચ આ મારી પરીક્ષા કરી રહ્યો છે. નહીંતર એવું કોણ કહે કે હું તિજોરીને ચોરીને લઈ જઈ રહ્યો છું. પહેરેગીરે એને જવા દીધો. વાસ્તવમાં ચોરી થઈ હતી. એના સમાચાર રાજા સુધી પહોંચ્યા. સૌની પૂછપરછ કરવામાં આવી. પહેરેગીરની વાત સાંભળીને મંગતસિંહને બોલાવવામાં આવ્યો. એણે બધી વાત સાચે સાચી કહી દીધી. પૂરી વાત સાંભળ્યા પછી રાજાએ કહ્યું, આ ચોર ભલે છે પણ સાચો છે આવા લોકો ઘણા ઓછા હોય છે. રાજાએ પછી મંગત-સિંગને કહ્યું, તારે હવે ચોરી કરવાની જરૂર નથી. તું હવે આ મહેલમાં નોકરી કરીશ. મંગતસિંહને સત્ય તાકાતનો પરચો મળી ગયો હતો.

લોભનો આવેશ

જૂના જમાનાની વાત છે. એ સમયે ઘોડાઓની રેસ બહુ થતી હતી. એ રેસમાં ત્યાંની મહારાણી હંમેશાં વિજયી બનતી હતી. બીજા સર્વ હારી જતાં. ઘોડેસવારીના નિષ્ણાત લોકો, આ ખેલના વિશેષજ્ઞ લોકો એના કૌશલને જોઈને દંગ થઈ જતા. મહારાણી સ્વયં એક કુશળ ઘોડેસવાર હતી. પરંતુ સ્પર્ધકો પણ અશ્વદોડની કલામાં રાણીથી ઊતરતા નહોતા. પરંતુ અશ્વદોડમાં હંમેશાં રાણી જ વિજયી બનતી. એક વાર અન્ય સ્પર્ધકોએ પરસ્પર મંત્રણા કરી કે ગમે તેમ કરીને એક વાર રાણીને પરાજિત કરવી છે. એના માટેની યુક્તિઓ અને ઉપાયો વિચારવા લાગ્યા. છેવટે તેમને એક ઉપાય જડ્યો. એમ જાણવા મળ્યું છે કે મહારાણીને સોનું ઘણું જ પ્રિય છે. સોનું જોતાં જ એના ચહેરા ઉપર અનોખી ચમક આવી જતી. એના ભાવ બદલાઈ જતી. સ્પર્ધકોએ નિર્ણય કર્યો કે જે સમયે રેસ હોય, એ સમયે રેસના માર્ગમાં સ્થળે સ્થળે સોનું વેરવામાં આવે. એમ જ કરવામાં આવ્યું. અશ્વદોડ શરૂ થઈ. મહારાણીનો ઘોડો હંમેશાંની જેમ આગળ જ હતો. અચાનક મહારાણીની દૃષ્ટિ માર્ગમાં વેરાયેલા સોના તરફ

ગઈ. તત્કાળ એણીએ ઘોડાને અટકાવવાનો ઈશારો કર્યો. તીવ્ર ગતિથી તે ઘોડાની નીચે ઊતરી અને અહીં તહીં વિખરાયેલા સોનાના ટુકડાઓને એકઠા કરવા લાગી. દોડમાં આટલું જ વિઘ્ન સ્પર્ધકો માટે પૂરતું હતું. રાણી પાછળ રહી ગઈ અને બીજા સ્પર્ધકો આગળ નીકળી ગયા.

આ વિજય અને પરાજય શા માટે થાય છે? જ્યારે લોભનો આવેશ તીવ્ર બને છે. તો મનુષ્યનો પરાજય નિશ્ચિત થાય છે.

નમ્રતાનો પાઠ

એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટન શહેરની પ્રદક્ષિણા કરવા નીકળ્યા. રસ્તામાં એક જગ્યાએ ઈમારત બની રહી હતી. તેઓ નિર્માણ કાર્યને સૂક્ષ્મતાથી જોવા લાગ્યા. એમણે જોયું કે કેટલાક મજૂર એક મોટા પથ્થરને ઉઠાવીને ઈમારત પર લઈ જવાની કોશિશ કરી રહ્યા હતા. પથ્થર ઘણો વજનદાર હતો. આટલા મજૂરોથી પણ તે ઊંચકાતો નહોતો. પાસે ઊભેલો કોન્ટ્રાક્ટર મજૂરોને પથ્થર ઉઠાવવા માટે લડી રહ્યો હતો. વોશિંગ્ટને કોન્ટ્રાક્ટર પાસે જઈને કહ્યું, મજૂરોને પથ્થર ઉઠાવવા માટે લડી રહ્યો હતો. વોશિંગ્ટને કોન્ટ્રાક્ટર પાસે જઈને કહ્યું, મજૂરોને મદદ કરો. એક વધારે માણસ જો સહયોગ આપે તો કદાચ પથ્થર ઊંચકાઈ જાય. કોન્ટ્રાક્ટર વોશિંગ્ટનને કદાચ ઓળખી શક્યો નહીં અને રોબથી બોલ્યો. હું બીજાઓ દ્વારા કામ લઉં છું હું મજૂરી કરતો નથી. આ જવાબ સાંભળીને વોશિંગ્ટન ઘોડા ઉપરથી ઊતર્યા અને પથ્થર ઊંચકવામાં મજૂરોને મદદ કરવા લાગ્યા. એમના સહયોગથી પથ્થર ઊંચકાઈ ગયો અને સરળતાથી ઉપર ગયો. હવે વોશિંગ્ટન પાછા પોતાના ઘોડા ઉપર જઈને બેઠા અને બોલ્યા. સલામ કોન્ટ્રાક્ટર સાહેબ, ભવિષ્યમાં ક્યારે પણ આપને એક વ્યક્તિની અછત જણાય તો રાષ્ટ્રપતિભવનમાં આવીને જ્યોર્જ વોશિંગ્ટનને યાદ કરજો. આ સાંભળતાં જ કોન્ટ્રાક્ટર રાષ્ટ્રપતિને પગે પડ્યો અને પોતાનાથી કરાયેલા દુર્વ્યવહાર માટે માફી માગવા લાગ્યો. વોશિંગ્ટને એ સમયે નમ્રતાથી કહ્યું, મહેનત કરવાથી કોઈ પણ માનવી નાનો યા મોટો બની જતો નથી. મજૂરોની મદદ કરવાથી તમે સન્માન મેળવશો. યાદ રાખો મદદ માટે સદૈવ તૈયાર રહેનારાઓને જ સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. એટલે જીવનમાં ઊંચા બનવા માટે વિનમ્રતાનું હોવું ઘણું જરૂરી છે. એ દિવસથી કોન્ટ્રાક્ટરના વ્યવહારમાં આશ્ચર્યજનક પરિવર્તન આવ્યું. તે સર્વ સાથે અત્યંત નમ્રતાથી વ્યવહાર કરવા લાગ્યો.

ચરિત્ર નિર્માણ

એક મહત્વાકાંક્ષી યુવક ભવિષ્યની રૂપરેખાના સંદર્ભમાં ધન, પદ, પ્રસિદ્ધિ મેળવવાની અનેક યોજનાઓ બનાવીને વિદ્વાન યુકાચીની પાસે ગયો અને એમને પૂછ્યું, 'આ મહત્વાકાંક્ષાઓને સિદ્ધ કરવા હું કઈ તૈયારી કરું?' યુકાચીએ આ યાદી ધ્યાનપૂર્વક જોઈ અને હસીને એને પાછો મોકલી દીધો. એમણે કહ્યું, 'બેટા, આ સર્વ યોજનાઓમાં પહેલી યોજનાનું તો ક્યાંય નામ નથી. એના વિના તમારું વધારી વધારીને વિચારવાનું વ્યર્થ છે. એ પહેલી યોજના વગર આ સર્વ કાંઈ વ્યર્થ છે, કોઈ કામનું નથી.'

યુવકે ચકિત થઈને કહ્યું, 'એ યોજના કઈ હોવી જોઈએ?' - 'પોતાના સ્વભાવ અને ચરિત્રનું નિર્માણ. એના વિના કદી કોઈ માનવ મોટો બની શકતો નથી. તથા મોટું કામ કરી શકતો નથી.

॥ ઓમશાંતિ ॥

ફિકર છોડો જિંદગી ભર યુવાન રહો.

આ વાતો આપને રાખશે યુવાન

હંમેશા કંઈકને કંઈક શીખતા રહો

હેનરી ફોર્ડનું એક કથન છે, જેણે શીખવાનું બંધ કરી દીધું પછી તે વીસ વર્ષનો હોય કે એંસી વરસનો, તે વૃદ્ધ છે. જે નિરંતર શીખતો રહે છે તે યુવાન છે. યુવા હોવાનો મતલબ છે આપની અંદર કોઈપણ કાર્ય કરવાની ઈચ્છા શક્તિ અને શીખવાની તીવ્ર ઉત્કંઠા હોવી જોઈએ. તારીખ અને સાલ બદલવાની સાથે જૈવિક રૂપથી તો માનવની ઉંમર વધે છે. પરંતુ કોઈ કામ કરવાની ઈચ્છા અને ઉત્સાહને પોતાની જિંદગીનો ભાગ બનાવવામાં આવે તો હંમેશાં યુવાન બની રહેશો.

બીજાઓ સાથે તુલના કરવાનું બંધ કરો

89 વર્ષના વોરેન બફેટ રોજ નવું શીખી રહ્યા છે. જો કે યુવાન બનવા માટે નકારાત્મક તુલનાઓ બંધ કરવી પડે છે. સ્વયંની સ્વયં સાથે જ તુલના કરવી પડે છે. બીજાઓને જોઈને પોતાની સફળતાની તુલના કરવી, પોતાને અસુરક્ષિત અનુભવવા, ઈર્ષ્યા થવી આ સૌ બતાવે છે કે આપ નીચે આવો છો અને માનસિક રૂપે વૃદ્ધ બનો છો. યાદ રાખો કે પોતાની પ્રતિસ્પર્ધા કોઈ બીજાની સાથે નહીં સ્વયંથી છે.

માનસિક સૌંદર્ય પર કામ કરો

યુવાન દેખાવા માટે લોકો મોટે ભાગે શારીરિક સૌંદર્ય પર વધારે કામ કરે છે. આપ શ્રેષ્ઠ પુસ્તકો વાંચો, શ્રેષ્ઠ લોકોની સાથે રહો, શ્રેષ્ઠ ઘટનાઓના સાક્ષી બનો. શ્રેષ્ઠ લોકોના સાથ દરેક પળે મળવો મુશ્કેલ છે શ્રેષ્ઠ ઘટનાઓના સાક્ષી બનો એ પણ સંભવ નથી. પણ સારાં પુસ્તકો આપને દરેક પળે પ્રેરિત કરે છે.

સ્વયંને હંમેશાં વ્યસ્ત રાખો

મસ્તિષ્ક જોકે માંસ પેશી નથી પણ માંસપેશીનો આ નિયમ એના પર અમલી બને છે યા તો ઉપયોગ કરો યા તો ગુમાવી દો. બ્રેન સ્કેનથી ખબર પડે છે કે અલગ અલગ નવી યુક્તિઓથી કરે છે. તો મસ્તિષ્કના વિભિન્ન ક્ષેત્રોમાં વધારે લોહી પ્રવાહિત થાય છે અને નવા તંત્રિકા માર્ગ બને છે. આ વિષય પર કેટલાંયે અધ્યયનો થઈ ચૂક્યાં છે. તે જણાવે છે કે ચિર યુવાન બની રહેવા માટે આપણે આપણા દિમાગની માનસિક ચપળતા અને કાર્યને જાળવી રાખવાની આવશ્યકતા છે.

અસલ જિંદગીમાં કેટલાક દોસ્ત બનાવો

એક સંશોધન અનુસાર જેઓ હળીમળીને રહે છે યા કોઈ સમૂહ સાથે જોડાઈ જાય છે પછી તે સાંસ્કૃતિક સંગઠન હોય યા કોઈ બુક ક્લબ - એકાંતપ્રિય લોકોની તુલનામાં સ્વસ્થ અને અધિક યુવાન હોય છે. આપના સંબંધોનો વિસ્તાર વધુ હશે તો, ઉંમર વધવા છતાં આપ પોતાની ક્ષમતાઓમાં ઊતરતી કળા ઓછી અનુભવશો. એટલે સુનિશ્ચિત કરો કે આપ યથાસંભવ અધિક લોકોની સાથે સમય વીતાવો.

પડકારનો સામનો કરો

મોટાભાગના લોકો વધારે સમય એ કામ પસંદ કરે છે. જે કરવામાં સરળ હોય. પણ આપણે પડકાર આપે તેવું કામ પસંદ કરવું જોઈએ. જ્યારે આપે સ્વયંને પડકાર આપો છો તો એનો મતલબ થાય છે એ માનવું કે હજુ પણ આપણા સ્વયંને રી-ઈનવેટ કરવા માટે બહુ કંઈ બાકી છે અને આ અનુભૂતિ આપને હંમેશાં યુવાન બનાવશે.

આ ટેવોથી તન - મનથી વૃદ્ધત્વ દૂર રહેશે

જલદી સૂઈ જવું જલદી ઉઠવું

જો આપને લાંબા સમય સુધી યુવાન રહેવું છે તો વહેલા સૂઈ જઈને વહેલા ઉઠવાની ટેવ પાડવી જોઈએ. સવારનું વાતાવરણ ઘણું જ ઉર્જાથી ભરપૂર હોય છે જે આપના મનની સાથે સાથે શરીરની એનર્જી પણ વધારે છે અને આપણને ચિર યુવાન રાખે છે. શારીરિક રીતે જ નહીં, માનસિક રૂપે પણ.

રોજ વાંચો અને સારું વાંચો

કંઈકને કંઈક વાંચવાની આદત બનાવો. સાથે આપણે એ ધ્યાન રાખવાનું છે કે આપણે શું વાંચવાનું છે. ઊતરતી કક્ષાનું સાહિત્ય અને ખોટી માહિતીઓ આપણને આપણા માર્ગથી ડગાવી દે છે. એવું વાંચો જે પ્રેરણા આપે. સેલ્ફ મોટીવેશન હંમેશાં યુવાન બનાવી રાખે છે.

મેડીટેશન અને કસરત કરો

યુવાન બની રહેવા માટે રોજ બે કામ કરવાં પડશે. મોટાભાગના લોકો આ નથી કરતા આપણે સવારના સમયે ઓછામાં ઓછું 20 મિનિટ મેડીટેશન કરવું જોઈએ. સાથે દરરોજનો અડધો કલાક કસરત યા ઝડપી ચાલવા માટે કાઢવો જોઈએ.

એક દિવસ માત્ર પોતાના માટે રજા

મોટે ભાગે કોઈ વ્યક્તિ પછી તે નોકરીમાં હોય કે બીઝનેસમાં હોય, સ્વયં માટે રજા લેતો નથી તે યા તો કોઈ કાર્યવશ રજા લે છે. યા પરિવાર માટે માસમાં એક દિવસ એવી રજા લેવાની, જેનો ઉપયોગ માત્ર પોતાના રચનાત્મક કાર્યો કરશો. આ ટેવ આપને માનસિક રૂપે સદા યુવાન રાખશે.

હલકું અને સાત્વિક ભોજન લો

યુવાન હોવું અને યુવાન અનુભવવું બંનેમાં ખાનપાનની અહમ ભૂમિકા હોય છે. એકનો સંબંધ શરીર સાથે છે અને બીજો મન સાથે હલકું અને સાત્વિક ભોજન લેવાથી માત્ર આપણે શારીરિક રીતે યુવાન બની રહેશો. પોતાને સ્વસ્થ અનુભવશો.

યુવાન જરૂર હંમેશાં આ કામ કરે

બહાનાંને સળગાવી દો

આળસને કમ્ફર્ટ ઝોનને, ગોસિપને, અસફળતાઓના બોજને, હીન ભાવનાઓને પોતાની જવાબદારી બીજાઓ ઉપર નાંખવાની, જાતિ-પાતિ, ભાષા-રંગ, શહેર, સુવિધા, પરિવાર, ઓછું શિક્ષણ જેવાં દરેક બહાનાંને સળગાવી દો. પછી જુઓ તમે ઈતિહાસ રચવામાં કેવા સફળ રહો છો.

પછેડી પ્રમાણે સોડ તાણો

યુવા નારી ચાદરમાં પગ ના સંકોચે પરંતુ દિલ ખોલીને પગ પ્રસારવાનું વિચારે અને ચાદરને મોટી કરવામાં પોતાની પૂરી તાકાત લગાવી દે. સ્વપ્નોને નાનાં ન કરશો, ધ્યેય મોટું રાખો.

દુનિયા બદલવાનું શીખીએ

દેશ અને દુનિયા બદલવાનું વિચારો. ખુલ્લા મને પોતાના વિચાર આપો અને પોતાના આઈડીયા દુનિયા સુધી પહોંચાડો.

અસફળતાનું પણ સન્માન કરો

કોઈ વ્યક્તિ જો એમ કહે હું કદી અસફળ થયો નથી, તો એનો મતલબ છે કે એણે ક્યારે પ્રયાસ કર્યો નથી. અસફળતાનું સન્માન કરવાનું શીખશો તો સફળતા પોતાની મેળે આવશે.

(અનુસંધાન પેજ નં. 10 પર)

ઈચ્છામૃત્યુની વરદાની - મહાતપસ્વિની

દાદી પુષ્પશાંતાજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

મહાભારત યુદ્ધમાં ભીષ્મ બાણોંની પથારી પર હોવા છતાં તેમના પિતા તરફથી મળેલ વરદાન ઈચ્છામૃત્યુના કારણે જીવિત હતા, જ્યારે પાંડવો જીત્યા તો પિતામહે પોતાના પ્રાણનો ત્યાગ સ્વ-ઈચ્છાએ કર્યો. યજ્ઞના ઈતિહાસમાં પણ આવી જ કાળને જીતનારી 'કાલજયી', ઈચ્છામૃત્યુની વરદાની, પદમાપદમ સૌભાગ્યશાળી વ્યક્તિ હતી, 'રાજયોગિની દાદી પુષ્પશાંતાજી!' સામાન્ય લોકો તો મૃત્યુના નામથી જ કંપી ઉઠે છે, પણ દાદી પુષ્પશાંતાજી તો એક સિધ્ધહસ્ત સાધક હતા, જેમણે સ્વેચ્છાએ શરીર રૂપી વસ્ત્ર એવી રીતે ઉતાર્યું જે રીતે સાપ પોતાની કાંચળી ઉતારે છે! એ મહાતપસ્વિનીએ પોતાના મૃત્યુ પહેલા બધાને જાણ કરીને, હસતા હસતા દેહ અને દુનિયાને કેવી રીતે વિદાય આપી તે પણ એક પ્રેરણાદાયી પ્રસંગ છે.

દાદીને હૃદયમાં દુખાવો થયો, ત્યારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા લઈ જતાં હતાં ત્યારે તેમણે કહ્યું, 'મારે સેંટર પર જ શરીર છોડવું છે, દવાખાને ના લઈ જાવ.' પછી ડોક્ટરની સલાહ માની મુંબઈની હોસ્પિટલમાં દાખલ થયા. બીજે દિવસે સ્નાન કરીને મુરલી સાંભળી, સેવાસાથી મોહિનીદાદી (કોલાબા)ને પૂછ્યું, 'કેટલા વાગ્યા છે?' તો તેમણે કહ્યું, '૭.૪૫ વાગ્યા છે.' દાદી પુષ્પશાંતાએ મોહિનીદાદીને હોસ્પિટલના ડોક્ટરોની સેવા કરવા અને જણાવવા મોકલ્યા કે તે ૮.30 વાગ્યે શરીર છોડી દેશે. બધાને જણાવીને મોહિનીદાદી ૮.૧૫ વાગ્યે તેમની પાસે આવ્યા ત્યારે દાદીએ કહ્યું, 'હજુ ૧૦ મિનિટ છે, જાઓ સેવા કરી આવો.' બરાબર ૮.૨૫ વાગ્યે હોસ્પિટલના ડોક્ટરો હાજર થયા ત્યારે દાદીએ ગીત વગાડાવ્યું અને જેમ સંદેશી વતનમાં જાય, તેમ ગીતના સ્વર પર, દાદીએ ઈચ્છમૃત્યુનાં બળે એક-એક અંગ નિયંત્રિત કરી ૭ ફેબ્રુઆરી ૧૯૮૩ના રોજ શરીર છોડી દીધું. રાજયોગી કેવી રીતે નશ્વર દેહને છોડી દે છે તે જોઈને ડોક્ટરો પણ આશ્ચર્યચકિત થઈ ગયા!

સિંધ હૈદરાબાદમાં એક શ્રીમંત પરિવારમાં દાદીનો જન્મ થયો. દાદીનું લૌકિક નામ હતું ગુડ્ડી મેહતાની. બ્રહ્માબાબા પ્રેમથી 'ગુડ્ડૂ' કહેતાં, જ્યારે શિવબાબાથી નામ મળ્યું 'પુષ્પશાંતા'. દાદી લૌકિક માતા-પિતા અને માસી (દાદી આત્મમોહિની), કેવલ, કોયલ તેમજ ધની આ ચાર બહેનો સાથે શાનથી રહેતા હતા, ઘરમાં ૮ નોકર હતા. બધામાં મોટા હોવાથી માતા-પિતા અને બહેનોનું ધ્યાન રાખવાની જવાબદારી હતી. માતા-પિતાના ઘરમાં વૈભવ હોવા છતાં તેઓ શૂન્યતા (ખાલીપણું) અનુભવતા હતા. જેમાંથી ઉદ્‌ભવેલ આંતરિક ભૂખને લીધે બાળપણમાં જ આધ્યાત્મિકતામાં રસ કેળવ્યો. સમય કાઢી શાસ્ત્રો-ધર્મગ્રંથોના ઊંડા અર્થને જાણવા લાગ્યા. દાદીના લગ્ન પણ ધનાઢ્ય પરિવારમાં થયા. પતિ 'કેવલરામ' સાથે તેઓ લાંબો સમય યોકોહામા (જાપાન)માં રહ્યા, ત્યાં પાંચ બાળકોના માતા બન્યા. પતિની સમૃદ્ધિ એટલી હતી કે સંભાળ રાખવા દરેક બાળક માટે આયા હતી. એકવાર તેઓ સિંધ ગયા, ત્યાં ઓમ

મંડળીના સંપર્કમાં આવ્યા. બ્રહ્માબાબાની જીવન-શૈલીથી ખૂબ પ્રભાવિત થયા. ભક્તિથી વધુ જે વસ્તુની જરૂરત હતી, તે (પરમાત્મ પ્યાર) નિરાકાર શિવ દ્વારા બ્રહ્માબાબાના માધ્યમથી ભરપૂર મળતો ગયો, હૃદયની શૂન્યતા ભરાતી ગઈ. દુનિયાવી રંગે રંગાયેલા પતિને પવિત્રતા પસંદ ન હતી, એટલે બીજા લગ્ન કરી દાદીને કહ્યું, 'કંઈ જોઈતું હોય તો લઈ લો.' દાદીએ ગળામાંની સોનાની ચેઈન પણ આપી દીધી, એક ધડાકે ત્યાગ કરી, ફરિશ્તા બનવાનું લક્ષ્ય લઈ સમર્પિત થયા. આદિમાં સમર્પિત મુખ્ય આઠ દાદીઓમાંથી એક મુખ્ય દાદી બન્યા.

દાદીની ચોથી પુત્રી (તેના મઠમા 'માતા વિષ્ણુપ્રિયા' નામથી પ્રખ્યાત) માના સમર્પણની વાત સંભળાવે છે - બપોરે ત્રણ વાગ્યે સૂર્ય આગ ઓકતો હતો. મા ઓમમંડલીના રોજિંદા ક્લાસમાં ગઈ. એ જ દિવસે માએ આત્મનિરીક્ષણ કરી ઘર-સંસાર છોડ્યો, પછી ક્યારેય પાછું વળીને ના જોયું. મમતાસભર મા માટે બાળકોને છોડી દેવા મજાક નહોતી, અમે ચાર બાળકો (સૌથી મોટો ભાઈ જાપાનમાં ઉછરી રહ્યો હતો) નહોતા ઈચ્છતા કે મા અમને છોડીને જાય. અમે માને વળગી સાડી ખેંચતા રહ્યા. સૌથી નાની ત્રણ વર્ષની સતી જોર જોરથી રડી. પણ માએ હળવેકથી પોતાની જાતને તેના નાના હાથમાંથી મુક્ત કરી, ઝડપથી સીડી ઉતરી, રસ્તા પર જઈ, નજરોથી ઓઝલ થઈ ગઈ. ૧૨, ૮, ૭, ૬ અને ૩ વર્ષના નાના બાળકોને ભગવાનને ભરોસે છોડીને અજાણ્યા સ્થાને જવું ચોક્કસપણે મુશ્કેલ લાગ્યુ હશે. માએ પ્રેમનાં બંધન અને હૃદયના તારને એકજ ઝાટકે ખેંચી લીધા હશે. ભગવાને તેમને બોલાવ્યા હતા, પ્રભુનો પોકાર સાંભળી, સર્વશક્તિમાન પર વિશ્વાસ રાખી, તે અજાણ્યા માર્ગ પર ચાલી નીકળ્યાં. તે અમને હોસ્ટેલમાં રાખવા માંગતી હતી પણ પિતાજી પરત લઈ આવ્યા. તે વર્ષ ૧૯૩૮-૩૯ હતું. વર્ષો પછી મા મળી અને જણાવ્યુ કે નાની સતીનું રૂદન તેના કાનમાં વારંવાર ગૂંજતું રહ્યું, જેને ભૂલવામાં તેમને ત્રણ વર્ષ લાગ્યા. માંએ તર્ક આપ્યો કે જો તેઓ મૃત્યુ પામ્યા હોત, તો ફક્ત ભગવાન જ બાળકોની સંભાળ રાખત! તેમની હિંમત અને સાહસને મારા પ્રણામ!

બાળપણમાં, મા અમને મહાભારતના સંતો, રામાયણ, ઋષિ-મુનિઓની વાર્તાઓ તેમજ રાજકુમારોમાં ત્યાગના સંસ્કાર કેળવનાર રાણી મદાલસાની વાર્તા કહેતા, તે ઈચ્છતી હતી કે આપણે મહાપુરુષોના ગુણો અને વિશેષતાઓને આત્મસાત કરીએ. એક મહાન શિસ્તવાદી બની ઉંચા વિચારો, સારી આદતો અને શ્રેષ્ઠ આચરણ કરવાનું શીખવી માએ જીવનને ઘડ્યું. મા ત્રણ પુત્રો, બે પુત્રીઓ અને પાંચ બહેનોને સાથે ઓમ-મંડલીમાં લઈ ગઈ. બહેનોમાં માસી - આત્મ-મોહિનીજી અંત સુધી રહ્યા. મને ઓમનિવાસ (છાત્રાલય)માં પ્રવેશ અપાવ્યો. બાબા મને તેમના ખોળામાં બેસાડીને પ્રેમથી ખવડાવતા, જ્યારે હું મારી આંખો ખોલતી તો પૂછતા, 'દીકરી, તેં શું જોયું?' તો હું કહેતી, 'મેં શ્રીકૃષ્ણ જોયા!' તો બાબાએ માને કહ્યું, 'આ દીકરીનો અનોખો રોલ હશે! માએ ૧૪ વર્ષ ભઠ્ઠીમાં બાબાની દેખરેખ, માર્ગદર્શન અને આધ્યાત્મિક અનુશાસન હેઠળ વિતાવ્યા. પિતા અમને ઘરે લઈ આવ્યા હતા, આથી ૧૭ વર્ષ સુધી મા સાથે કોઈ સંપર્ક નહોતો. દરમિયાન અમે સમૃદ્ધ જીવનશૈલી, પૂર્વીય અને પશ્ચિમી સંસ્કૃતિમાં ડૂબી ગયા હતા. એ સમય આવ્યો જ્યારે બાબાએ માને મુંબઈ કોલાબા સેવાકેન્દ્રમાં મોકલી. એક દિવસ લિફ્ટમાં મા અને હું એકબીજાની સામે હતાં, પરંતુ જ્યાં સુધી મેં

પરિચય ન આપ્યો ત્યાં સુધી એકબીજાને ઓળખ્યા નહીં, તે ખૂબજ નાટકીય હતું. સૌથી પહેલા હું જ વાટુમલ પરિવાર(સાસરાવાળા) સાથે માને મળી, તેમની આંતરિક સુંદરતા અને પ્રેમાળ સ્વભાવે સાસરિયાઓના સંબંધીઓને પ્રભાવિત કર્યા. મામા એક સાચા સ્વાભાવિક દાતાના ગુણો હતા. હું વાટુમલ હાઉસ છોડી, વૃંદાવન ગઈ (સન્યાસી બની), ત્યારે માએ જ કોલાબા સેન્ટરમાં જગ્યા (બાલ્કનીમાં પલંગ) આપી, જેથી મુંબઈ જાઉં ત્યારે લૌકિક પરિવારમાં ન જાવું પડે.

દાદી મોહિની(કોલાબા) દાદી પુષ્પશાંતાની સેવાઓનું વર્ણન કરે છે - સરળ સ્વભાવી, દાદીમાં પારખવાની શક્તિ અને નાનાં, મોટાં, યુવાન સૌને ચલાવવાની કળા હતી. દાદી ઓલરાઉન્ડર સામાન્ય વ્યક્તિમાં પણ ઉમંગ ઉત્સાહ ભરી સક્ષમ અને ઓલરાઉન્ડર બનાવી દેતા. અનુભવી માતા હોવાના કારણે વેદાંતીદીદી - આફ્રિકા, ચંદ્રિકાદીદી - અમદાવાદ, સુષ્માદીદી - જામનગર, હેમલતાબહેન - ટ્રિનિદાદ વગેરે કન્યાઓને નંબરવન પાલના આપી સેવાક્ષેત્રના નક્ષત્રો બનાવ્યા. નિર્વૈરભાઈ, રમેશભાઈ, શીલુબહેન, ડો. નિર્મલાબહેન વગેરે રત્નોએ પણ તેમની અમૂલ્ય પાલના મેળવી. દાદીના પુત્ર અને જમાઈએ કોલાબામાં ફ્લેટ લઈ સેન્ટર ખોલી આપ્યું તો ત્યાં રહીને દાદીએ કલ્યાણ, મુલુંડ, દહિંસર વગેરે સેવાકેન્દ્રો ખોલ્યા. મહારાષ્ટ્ર ઝોનનાં ઈન્ચાર્જ બનીને સેવાઓમાં વધારો કર્યો. તેઓ જ્યારે અસ્વસ્થ થયાં ત્યારે દાદી પ્રકાશમણિએ દાદી બ્રિજેન્દ્રાને મહારાષ્ટ્રના હેડ બનાવ્યા. દાદી ટ્રાન્સ મેસેન્જર હતા, તો ધ્યાનમાં ચિત્રો જોયા, એ જ આધારે 'વિશ્વ નવનિર્માણ પ્રદર્શની' બની.

ભ્રાતા રમેશભાઈ દાદીની ખૂબીઓ સંભળાવે છે - પહેલી મુલાકાત દાદીજી સાથે ગેસ્ટ હાઉસમાં થઈ હતી, જ્યારે તેઓ બિઝનેસમેનના આમંત્રણ પર આવ્યા હતા. તેમના કહેવા પર બાબા-મમ્માને મુંબઈનું નિમંત્રણ આપ્યું અને દાદીને કહ્યું, ‘હું બાબા-મમ્માની મુસાફરી અને અન્ય ખર્ચાઓ સંભાળી શકું છું, તેથી તમે કહેતા રહેજો.’ તો તેમણે કહ્યું, ‘ના, બાબા-મમ્માના આવવા-રહેવા માટે જે ધન મળ્યું છે તે હું તેઓ અહીં રહે ત્યાં સુધી ખર્ચ કરીશ.’ મેં કહ્યું, ‘તે મધુબન મોકલી દેજો’, તો તેમણે કહ્યું, ‘જે માટે મળ્યુ છે તેના માટે તેનો ઉપયોગ કરી, જો જરૂરત હશે તો તમારી પાસેથી લઈશ!’ તો પ્રામાણિકતા શું છે? બાબા મમ્માને ઈમાનદાર બાળકો કેટલા પ્રિય છે - તે દાદી પાસેથી જાણ્યું અને શીખ્યું, તે જ રીતે મેં યજ્ઞનો કારોબાર કર્યો. દાદીને શરીરનિર્વાહ માટે પૈસા-વસ્ત્રો લૌકિક કુટુંબથી મળતા, તો મેં બાબાને પૂછ્યું, ‘એક સમર્પિત બહેન કેવી રીતે અને ક્યાં સુધી લૌકિકનું ધન લઈ શકે?’ તો બાબાએ કહ્યું, ‘બાળકની ઈચ્છા છે કે લૌકિકનું ધન સફળ થાય અને તે યજ્ઞ સહયોગી બને. એટલે ત્રિકાલદર્શી બાબાએ બાળકને ધનથી ધારણા વધારવા માટે ધન વાપરવાની છુટ્ટી આપી છે, બાપ ત્રિકાલદર્શી તમે નહિ! આગળ જતાં દાદીના જમાઈ ખૂબા વાટુમલજીએ (સાસુ પ્રત્યે ખૂબ લાગણી હતી) દાદીની યાદમાં ગ્લોબલ હોસ્પિટલ બંધાવી.

ભ્રાતા નિર્વૈરભાઈ દાદીજીની પાલના વ્યક્ત કરે છે - દાદીજી ખૂબ જ રોયલ, ગહન જ્ઞાનનાં ઊંડાણમાં જનાર, ધારણાઓમાં સંપન્ન, માતૃશક્તિનો અવતાર હતા. વર્ષ ૧૯૫૯માં, ફેબ્રુઆરીમાં જ્યારે મને જ્ઞાન મળ્યું ત્યારે નાની બહેનો જ્ઞાન સંભળાવતી, પણ જેમ મા બાળકોને સમજાવે, પાલના આપે, તેમ દાદી ધારણા, ખાન-પાન અને વ્યવહારની વાતો શીખવતા. સવાર સવારમાં સેન્ટરમાં જતો ત્યારે દેશી ઘી ગરમ કરી

મધ નાંખી બદામ સાથે આપતા અને દોડવા મોકલતા, જેથી તે પચી જાય. બાબા જ્યારે મુંબઈ આવતા ત્યારે દાદી મારી મુશ્કેલીઓ બાબાને સંભળાવતા અને બાબા દૃષ્ટિ આપી હળવા કરતા. સાચું કહું તો દાદી મારા 'ગોડમધર' હતા. તેમનામાં સંગઠનને મજબૂત કરવાની ઘણી શક્તિ હતી, તેના માટે તેઓ ભાઈ બહેનોને ઉચ્ચ કોટીની જીગરી પાલના આપીને ખુશ કરતા. બાબા મમ્મા મુંબઈ આવે ત્યારે સવારે ૧૧ વાગ્યે ક્લાસ રાખતા, ભોગ લગાવી પ્રેમથી બ્રહ્માભોજન કરાવતા, જેથી ભાઈ બહેનો વૈષ્ણવ બને અને તેમના હૃદય શુદ્ધ થાય. એમની સિંધી કઢી અને મોહનથાળ બહુ ખાસ હતો!

ગોદાવરીદીદી (મુલુંડ) દાદીજીની વિશેષતાઓનું વર્ણન કરે છે - દાદી અમારા ઘરે અઠવાડિયામાં ત્રણ વાર ક્લાસ કરાવવા આવતા, પરંતુ કેટલાક સભ્યો જ્ઞાન ન સમજતા. દાદીના આશીર્વાદથી મારો ટ્રાંસનો પાર્ટ ખૂલ્યો, વાતાવરણ બદલાયું અને પરિવારે નિશ્ચયબુદ્ધિ બની મને સમર્પિત કરી. દાદીએ જ બાબાને મળાવીને ભાગ્યનો સિતારો ચમકાવી દીધો. તેમની સૂક્ષ્મ શિક્ષાઓએ લૌકિક સ્વભાવ-સંસ્કાર બદલી નાખ્યા. તેઓ સેવામાં હંમેશા આગળ વધારતા કહેતા કે 'યોગશક્તિથી વિજયી બની, મૌનની ભાષા દ્વારા કર્મબંધનમાંથી મુક્ત થવાનું છે.' તેઓ ઈચ્છતા હતા કે હું ચારેય વિષયોમાં આગળ વધી બાબાનું નામ ઉજાગર કરૂં! તેમના સ્નેહ, શક્તિ અને સહકારથી જ સેવામાં દિવસ રાત અનેકગણી પ્રગતિ કરી શકી.

સુષ્માદીદી (જામનગર) દાદીજીની મહાનતા વર્ણવે છે - દાદીજીની એક પુત્રવધૂ ખાસ તેમને મળવા જાપાનથી આવી, તેમના મનમાં પ્રશ્ન હતો કે અમીરી છોડીને સાસુ ત્યાગમૂર્ત કેવી રીતે બન્યા? તેણે થાળીમાં પૂજાની સામગ્રી મૂકી, દાદીની પૂજા કરી, તેમને પ્રત્યક્ષ મળીને ખૂબ ખુશ થઈ અને પ્રશ્નનો ઉત્તર પણ મળ્યો. દાદી સંપૂર્ણ બેડ રેસ્ટ પર હતા. અમૃતવેળાએ ગીત વગાડતી વખતે દાદીની ઊંઘમાં ખલેલ ન પહોંચે, એટલે હું તેમનો દરવાજો આડો કરતી, પણ તેઓ ના પાડતા, તેઓ બીમારીમાં પણ અમૃતવેળા ચૂક્તા નહીં. ક્લાસમાં રોજ મુરલી સાંભળતા, અઠવાડિયે એકવાર મુરલી સંભળાવતા. દાદીએ એકવાર કહ્યું હતું કે તે બાળકોને રૂમાં લપેટીને રાખતા, જેથી બાળકોને સિલાઈ ખૂંચે નહિં! ૧૯૮૧માં બાપદાદાએ દાદીને કહ્યું, 'દીકરી, તારો કર્મનો હિસાબ-કિતાબ ચૂક્તે થઈ ગયો છે, એટલે ધરમરાજ સજા નહીં કરે.

ચંદ્રિકાદીદી (અમદાવાદ - મહાદેવનગર) દાદીની એકરસ અવસ્થા સંભળાવે છે - દાદીની દિનચર્યા નિયમિત, યોગીની હતી. તેમને બી.પી., ટીબી, કેન્સર, સુગર અનેક બીમારી હતી, પરંતુ બીમારીનું વર્ણન નહોતા કરતા કે ના તો તેમના ચહેરા પરથી દુઃખની લાગણી કળાવા દેતા અને કેટલાય ઉપચાર ચાલુ હોવા છતાં પણ તેઓ સવારે ૩.૩૦ વાગ્યે ઉઠી જતાં. મને દરિયાની હવાને કારણે ત્વચાની એલર્જી, અસ્થમા, કાનમાં પરુ વગેરેની તકલીફ થઈ તો દાદીએ કહ્યું કે, 'ગમે તેટલો ખર્ચ થાય પણ તેની સારવાર હું કરાવીને મારી પાસે જ રાખીશ. પરંતુ ડોક્ટરે હવાફેર

(અનુસંધાન પેજ નં. 20 પર)

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં **જાન્યુઆરી - ૨૦૨૩** માસની **શબ્દાવલી ભાગ - ૨૬**ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની **શબ્દાવલી ભાગ - ૨૭** અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા **માર્ચ - ૨૦૨૩**ના અંકમાં **શબ્દાવલી ભાગ - ૨૭**ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૭

1	2	3		4	■	5	■	6	7
8			■	9			10		
	■	11	12		■	13		■	■
	■	14		■	15	■	16	17	18
■	19		■	20	■	21			
22		■	23			■	■		■
24		■	■		■	25			26
■	27	28			■		■	■	
29			■	■	30	■	31	32	
33		■	34						

શબ્દાવલી ભાગ - ૨૬ ના જવાબોવાળું કોષ્ટક

1 પ્ર	2 ગ	તિ	■	3 સા	4 રે	5 ગા	6 મા	■	7 અ
8 જા	લ	■	9 ઉ	ત	રા	ય	ણ	■	વ્ય
સ	■	10 જા	પ	■	મ	■	11 સ	12 શ	ક્ત
13 તા	ર	ણ	હા	14 ર	■	15 શો	■	16 ર	ફ
ક	■	17 કા	ર	મે	ન	■	■	18 મ	રી
19 દિ	20 વા	ર	■	શ	■	21 ક	22 રા	■	સ્તા
23 ન	ર	■	24 આ	ભા	25 ર	વિ	ધી	■	■
■	26 સ	27 ત	■	28 ઈ	ન	■	29 કા	30 ગ	31 જ
32 અ	દા	લ	33 ત	■	34 ર	35 જા	■	36 ર	હા
37 તી	ર	■	38 પ	ત્ર	■	39 દુ	ર	બી	ન

આડી ચાવીઓ -

1. શિવરાત્રી (૫)
6. ....ગણ મન (૨)
8. એક મિઠાઈ (૩)
9. વિશ્વ રતનદાદાનું એક નામ (૬)
11. પરિવર્તન (૩)
13. કેન્સલ (૨)
14. વેલ્યુ (૨)
15. શિવબાબાનું ચિત્ર બનાવો (૪)
16. મુરલીના મહાવાક્ય .... સમાન (૩)
19. .....ગુડ (૨)
21. મધ્યભાગ (૪)
22. કલ શબ્દનું ગુજરાતી (૩)
23. મિલકત (૩)
24. એક પીણું (૨)
25. ૧૪ અંક અંગ્રેજીમાં લખો (૩)
27. હિસ્ટ્રી શબ્દનું ગુજરાતી (૪)
29. ... ચિંતન (૩)
31. અરીસો, દર્પણ (૩)
33. ડેરી ઉંધુ લખો (૨)
34. 21 ફેબ્રુઆરીએ ક્યો દિવસ મનાવાય? (૭)

ઉભી ચાવીઓ -

1. ખાતમૂહુર્ત (૪)
2. એક ઘટાદાર વૃક્ષનું નામ (૪)
3. જીમ્મેવારી (૫)
4. પતંગીયાને હિન્દીમાં .... કહેવાય (૩)
5. ફોટો (૨)
6. ઉધાર અને ....(૨)
7. પુરુષ, મર્દ (૨)
10. પ્રકૃતિ (૪)
12. શ્વાસ (૨)
16. મગ્ન (૨)
17. તરાવટી શબ્દ લખો (૨)
18. નળને હિન્દીમાં ... કહેવાય (૨)
19. 14મી ફેબ્રુઆરીના દિવસે ઉજવાય (૬)
20. રોજા, ફાસ્ટ (૪)
22. નાસ્તાઘર, અલ્પાહાર ગૃહ (૨)
25. વાતચીત માટેનું યંત્ર (૨)
26. સનાતન શબ્દને ઉલટો લખો (૪)
28. એક, દો ઔર ...(૨)
29. મગનું નામ ...(૨)
30. એસેમ્બલીનું ગુજરાતી અર્થ (૨)
31. પહેલા, અનાદિ, શરૂઆત (૨)
32. એડમ (૨)

વડોદરા અટાદરા ખાતે ITM વોકેશનલ યુનિવર્સીટી ખાતે આયોજિત સેમીનારમાં VC ભ્રાતા અનીલભાઈ બીસેલે, પ્રોફેસર ભાઈ-બહેનો સાથે બ્ર.કુ. મૂકેશભાઈ, બ્ર.કુ. ચિત્રાબેન, બ્ર.કુ. અરૂણાબેન.

કેશોદમાં પધારેલ શહેર ભાજપ પ્રમુખ ભ્રાતા પ્રવિણભાઈ ભાલેરા, સમાજસેવક ભ્રાતા કિશોરભાઈ વણપરીયા, અગ્રણી વ્યાપારી ભ્રાતા અરવિંદભાઈને ચિત્ર પ્રદર્શન દ્વારા સમજુતી આપતાં બ્ર.કુ. રૂપાબેન.

સરભાણ સેવાકેન્દ્ર ઉપર પધારેલ નવનિયુક્ત MLA દેવકિશોર સ્વામીજીના અભિનંદન કાર્યક્રમમાં બ્ર.કુ. દિપીકાબેન, બ્ર.કુ. પ્રીતિબેન.

શહેરામાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ના કાર્યક્રમમાં TDO રણજીતસિંહ મારટેડા તથા કિસાન ભાઈઓને સંદેશ આપતાં બ્ર.કુ. રતનબેન.

ભંડુરીના નવનિર્માણધીન 'સત્યતીર્થ' ભવનના ભૂમિ પૂજન કાર્યક્રમમાં USAથી પધારેલ હરીશભાઈ, તાલુકા પંચાયતના સભ્ય રામભાઈ, પ્રોફેસર ભગવાનભાઈ, વ્યાપારી અરજણભાઈ, બ્ર.કુ. રૂપાબેન.

સૂરત પરબત ખાતે 'રાષ્ટ્રીય કિસાન દિવસે' આયોજિત 'કિસાન સ્નેહમિલન'માં યુવા કિસાન પ્રમુખ ભ્રાતા જયેશભાઈ, સુપ્રસિધ્ધ ભાઈચંદભાઈ, મહિલા ખેડુત ભગિની રમીલાબેન, બ્ર.કુ. સંગીતાબેન.

મરોલી સેવાકેન્દ્ર પર પધારેલ CISFના જવાનોને રાજયોગની અનુભૂતિ કરાવ્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. મુકેશબેનની સાથે.

રાજકોટ શાસ્ત્રીનગરમાં આયોજિત 'સ્વાસ્થ્ય શિબિર'માં યોગશિક્ષક દુષ્યંતભાઈ, યોગ બોર્ડ કચ્છના ચેરમેન અનીલભાઈ, નગરપાલિકાના કૉડિનેટર વંદનાબેન, યોગકોચ ગીતાબેન, બ્ર.કુ. દક્ષાબેન.

Gyan Amrit Vol.16 | Issue 02 | February 2022 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર (GGRC) ખાતે મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રોની અવ્યક્ત માસમાં સંગઠીત 'યોગ તપસ્યા ભઠ્ઠી'ના ઉદ્દઘાટનમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના સંયુક્ત પ્રશાશિકા આદરણીય સંતોષદીદીજી, દુબઈથી પધારેલ બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન સાથે બ્રહ્માકુમાર ભાઈઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બ્રહ્માવત્સો.

રાજકોટ મેહુલનગર સેવાકેન્દ્રના 'દશાબ્દી મહોત્સવ' કાર્યક્રમમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, MLA તથા ડેપ્યુટી મેયર ડૉ. દર્શિતાબેન શાહ, ટાઉન પ્લાનીંગ શાખાના ચેરમેન ભ્રાતા નરેન્દ્રભાઈ, બ્ર.કુ. નલિનીબેન, બ્ર.કુ. ચેતનાબેન.

જૂનાગઢ ખાતે બ્ર.કુ. દમયંતીદીદીના 'અમૃત મહોત્સવ'ના કાર્યક્રમમાં મુંબઈ ઘાટકોપર સેવાકેન્દ્રથી પધારેલ બ્ર.કુ. નલિનીદીદી, બ્ર.કુ. શકુબેન, બ્ર.કુ. નિકુંજભાઈ સાથે બ્ર.કુ. બીનાબેન.

સિધ્ધપુર સેવાકેન્દ્ર ઉપર પધારેલ MLA અને નવનિયુક્ત કેબીનેટ મંત્રીશ્રી બળવંતભાઈ રાજપુતને અભિનંદન પાઠવી ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. વિજયાબેન બાજુમાં બ્ર.કુ. બિન્દુબેન.

વીછીંયા સેવાકેન્દ્ર દ્વારા 'એક શામ પ્રભુ કે નામ' સંગીત સંધ્યા કાર્યક્રમમાં પાણી, અન્ન પુરવઠા કેબીનેટ મંત્રીશ્રી કુંવરભાઈ બાવળિયા, સમાજસેવક ટી.ડી. પટેલ, અન્ય મહાનુભાવો સાથે બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. નલિનીબેન, બ્ર.કુ. રેખાબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com